# વાયડામિત્ર

વર્ષ : ૧૦૦ મે - ૨૦૨૨ અંક : ૫
કિંમત રૂા. ૩૦/– (વાર્ષિક)
R.N.I No.: 6316/57

## વાયડ વિશેષાંક



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

મે – ૨૦૨૨, પ્રત–૧૧૨૬, વર્ષ–૧૦૦, અંક–૫

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

VAYVASET Connecting mutual strengths

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ



| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,
પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.
ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં,
જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭
Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

ભારતમાં: રૂા.૩૦/–(સામાન્ય), રૂા.૧૦૦૧/–(આજીવન), રૂા.૨૫૦૧/–(પેટ્રન), વિદેશમાં : રૂા. ૫૦૦૧/–

સુજ્ઞ જ્ઞાતિજનો, એપ્રિલ, ૨૦૨૧ થી વાયડામિત્રમાં આપવામાં આવતી જા.ખ.ના બિલ તથા પેમેન્ટ, ભેટની રસીદ વોટ્સએપ અથવા ઈ–મેલ દ્વારા જ મોકલવામાં આવશે.

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust
Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.
Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

## શ્રી સમીરિ કામદાદેવી માની માહાત્મ્ય સ્તુતિ - માનાં અનંતરૂપ દર્શન



મળી નમીને સૌ ઊભાં આ બાળ માનાં ક્યારથી,
સવારના પ્હોરમાં નજાકતે બે હાથમાં છે આરતી,
સદા ઋણી સૌ વાયડા વણિક તણાં આ બાળકો,
ન ભેદભાવ આંગણે સુખી દીઠાં છે ભાવિકો,
રંગ છે નો સંગ છે, ઉચ્છંગ નો તરંગ છે,
અંગનો ઉંમગ મા! ધન્ય આવિર્ભાવ મા,
સાથ મા અનાથનો, પ્રાણ મા પદાર્થનો,
તું શ્વાસ મારા પ્રાણનો, પ્રવાસનો પડાવ મા.
સ્વજન સમી છે ધન્યતા, મા પ્રેમનો સંબંધ છે, સદૈવ પ્રસન્નતા લખાઈ જાતો સ્કંધ છે.
અનંતરૂપ એ સ્વરૂપ છઠ્ઠીનું પ્રભાત મા, અષ્ટમીની પાલખી દિવ્યતાનો સાથ મા.
સર્ગમાં નિસર્ગમાં ચેતનાનો પ્રાણ મા ! તું તુષાર તું સવાર, સૃષ્ટિનો સ્વભાવ મા.
સાથ મા અનાથનો, પ્રાણ મા પદાર્થનો, તું શ્વાસ મારા પ્રાણનો, પ્રવાસનો પડાવ મા.
ઝાડ હો કે પ્હાડ હો, ચૈતર અશ્વીન હો, એકધારા ને અલૌકિક બંધનો પ્રગાઢ હો.
પૂર્ણિમા–અમાસ હો, અદ્વૈત આ પ્રકાશ મા, ભક્તિના પ્રવાહમાં તવ સ્નેહનો સમાસ મા.
કલ્પ તું પ્રકલ્પ તું, મુક્તિનો વિકલ્પ મા, વિરાટ–સુક્ષ્મરૂપથી, બ્રહ્માંડનો પ્રભાવ મા.
સાથ મા અનાથનો, પ્રાણ મા પદાર્થનો, તું શ્વાસ મારા પ્રાણનો, પ્રવાસનો પડાવ મા.
રંગ ને સંગ છે, ઉચ્છંગ ને તરંગ છે, અંગનો ઉમંગ મા ! ધન્ય આવિર્ભાવ મા,
સાથ મા અનાથનો, પ્રાણ મા પદાર્થનો, તું શ્વાસ મારા પ્રાણનો, પ્રવાસનો પડાવ મા.

સદા ઋણી સૌ વાયડા વણિક તણાં આ બાળકો
ન ભેદભાવ આંગણે સુખી દીઠાં છે ભાવિકો...
હવનની સાંજ આવતી લઈને મનમાં આરતી
વીત્યાં વરસ વિરહ તમાં ન સંઘ આવ્યો જ્યારથી
મળી નમી ને સૌ ઊભાં આ બાળ માનાં ક્યારથી
સવારના પ્હોરમાં નજાકતે બે હાથમાં છે આરતી

(પંચ ચમાર છંદ પણ કહેવાય છે. આ છંદ શિવ તાંડવ સ્રોતમાં જે છંદ વપરાયો છે તે જ છંદમાં રચના કરી છે.)

– હરીશ શાહ, વડોદરા, મો. ૯૮૭૯૫ ૦૩૩૬૨
તંત્રી, Vayconnect ભૂતપૂર્વ તંત્રી, વાયડામિત્ર

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

# સહિયારા શ્વાસનું સરનામું : વાયડ



કોરોના મહામારીને કારણે બે વર્ષના અંતરાલ બાદ 170 મો વાયડ સંઘ તા. 5 એપ્રિલ 2022 થી તા. 9 એપ્રિલ 2022 દરમિયાન ધામધૂમથી ઉજવાયો હતો. (વિદ્વાનોના મત અનુસાર રદ થયેલા બે સંઘની સંખ્યા ગણી લીધી છે.) 170 વર્ષના ઇતિહાસમાં સળંગ બે વખત 2020 અને 2021 માં સંઘ રદ કરવામાં આવ્યાં હતાં.

વાયડ એટલે શું? આ શબ્દનો જન્મ કેવી રીતે થયો? સંશોધનકારોના મત પ્રમાણે મૂળ શબ્દ 'વાયટ' હતો. ત્યાર બાદ અનુક્રમે વાયટીય, વાયડીય અને વાયડ શબ્દ પ્રચલિત થયો. સ્વ. રામલાલ મોદીએ 1944માં તેમના પુસ્તક 'વાયુપુરાણ'માં તેની નોંધ લીધી છે. મૂળ શબ્દનું વિશ્લેષણ – વાય એટલે વાયુ અને અટ એટલે સ્થિરતા. જ્યાં વાયુ સ્થિર થયા છે તે સ્થાન. વાયુદેવતાનું આ જન્મસ્થાન માનવામાં આવે છે. વાયડ શબ્દ તે નામ ધરાવતા વૈશ્યો અને બ્રાહ્મણોના આદિ નિવાસસ્થાનનું પણ સૂચન કરે છે.

વાયુપૂજાનો પ્રચાર વેદકાળથી ચાલ્યો આવે છે અને તેને લગતા મંત્રો પણ વેદમાંથી મળે છે. ભગવદ્‌ગીતામાં વાયુ માટે સુંદર શબ્દો પ્રયોજાયાં – સર્વત્રગો મહાન! (અધ્યાય 9, શ્લોક 6) વાયુ સર્વગામી છે, સર્વવ્યાપી છે, સર્વદેશીય છે અને તેથી મહાન છે. કોરોનાની મહામારીમાં પ્રમાણમાં આપણી જ્ઞાતિમાં ઘણા ઓછા મૃત્યુ થયાં તે વાયુદેવની જ કૃપા છે.

વાયડ ગામમાં પણ કોરોના કાળમાં સિત્તેર જેટલા જ કેસ નોંધાયા હતા. અને ત્રણ વ્યક્તિઓ જ કોરોનાથી મૃત્યુ પામી હતી. અન્ય પાંચેક વ્યક્તિઓ કોરોનાથી સ્વસ્થ થયા બાદ તેની આડઅસરોને કારણે મૃત્યુ પામ્યાં હતાં. આમ વાયુદેવતાની કૃપા ગ્રામવાસીઓ પર થઈ. વાયડની બાજુમાં જ આવેલ કંબોઈ ગામમાં એકસો પચાસ જેટલા વ્યક્તિઓ કોરોનાથી મૃત્યુ પામ્યા અને હાહાકાર મચી ગયો હતો. જો કે વાયડ ગામમાં ઘણી વસતી ખેતરમાં રહે છે. વળી, ગામનો મોટો વર્ગ અન્ય શહેરોમાં સ્થાયી થયો છે.

લોકડાઉનને કારણે મજૂરોની વતનવાપસી થઈ ત્યારે વાયડ ગામના રહેવાસીઓ ગામમાં પરત આવી ગયાં. 68 દિવસના પ્રથમ લોકડાઉનમાં ગામ

સજ્જડ બંધ હતું. જેથી ઘણા લોકોને ભોજનની તકલીફ હતી પરંતુ ગામના આગેવાન તેમ જ સેવાભાવી સંસ્થાઓની મદદથી ગ્રામવાસીઓ માટે ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો હતો.

તમે વાવમાં બાવીસ પગથિયાં ઉતરીને માતાજીના દર્શન કર્યા? શૃંગાર સહિતના દર્શન ભવ્યતામાં વધારો કરે છે પણ સાંજના શૃંગારવિહીન માતાજીના દર્શન ખરેખર અદ્‌ભુત હતા. તે સમયે તેમનું વાહન નંદી પણ ન હોય અને સાવ સહજતાથી, સરળતાથી ભક્તોને આશીર્વાદ આપતી મુદ્રામાં માતાજીના દર્શન સાચે જ રમણીય છે. માતાજીની આંખમાં સૌમ્યતાનો ભાવ સ્પષ્ટ પ્રતિબિંબિત થતો હતો. સમીરી કામદાદેવી ભક્તની ઇચ્છાને પૂરી કરનાર દેવી છે.

મંદિરનું ગર્ભગૃહ ભવ્ય છે. ગર્ભગૃહનો ચાંદીનો દરવાજો મોટો બનાવેલ છે. જેથી ભક્તો સરળતાથી દર્શન કરી શકે. મોગરાના ફૂલોની હારથી સમગ્ર મંદિર શોભાયમાન બન્યું હતું. સામેની દિવાલ પર અરીસો છે જેમાં માતાજીનું સુંદર પ્રતિબિંબ પડે છે.

એક જ્ઞાતિજને પ્રશ્ન કર્યો કે અન્ય શહેરોમાં વાયુદેવતાજીના મંદિરો છે. પણ સમીરી કામદાદેવીના મંદિરો નથી. માત્ર વાયડમાં જ તેમનું મંદિર કેમ છે ? ચોથી સદીમાં ઉદ્‌ભવ પામેલા વાયુપુરાણમાં જણાવ્યા પ્રમાણે વાવને જ વાયડ માતાનું સ્વરૂપ માનવામાં આવે છે અને તેમની પૂજા કરવાનો નિર્દેશ કર્યો છે. વાવ તો માત્ર વાયડમાં જ છે. માટે વાયડ માતાનું મંદિર માત્ર અહીં જ છે અને એટલે જ ભક્તો ચૈત્રી નવરાત્રિમાં તેમના દર્શન માટે ઉમટે છે. જો કે બહુ ઓછા જ્ઞાતિજનો પચીસ પગથિયા ઉતરીને વાવના દર્શન કરવા જાય છે. અહીં વાયડમાતાનો ગોખ છે. આ એક માત્ર વાવ છે જેમાં ધાર્મિક સ્થાન (મંદિર) હોય. મંદિર સહિતની વાવ ક્યાંય જોવા મળતી નથી. વળી સિદ્ધરાજ જયસિંહના સમય (ઈ.સ. 1236)ની આ વાવ હોવાથી તેનું ઐતિહાસિક મહત્ત્વ વધી જાય છે.

સંવત 1973 (ઈ.સ. 1917)માં ફેબ્રુઆરી માસની બીજી તારીખે મહાસુદ 11 ને દિવસે અંબાલાલભાઈ આબુવાળાએ માતાજીની પ્રતિષ્ઠા સહિત મંદિરમાં અપ્રતિમ પ્રતિમાની સ્થાપના કરાવી હતી. એટલે આ મંદિરને 105 વર્ષ પૂર્ણ થયાં. શિલ્પશાસ્ત્રી શિવલાલ ઉગરચંદે (પાટણ) આ પ્રતિમા તૈયાર કરી હતી. આરસનું ચતુર્ભુજ સ્વરૂપ ધરાવતા માતાજીના જમણા હસ્તમાં ઉપર વીણા, ડાબા હસ્તમાં ઉપર ત્રિશુળ, વામ હસ્તમાં નીચે દંડ અને જમણો નીચેનો હસ્ત ભક્તોને આશીર્વાદ આપે છે. જોગાનુજોગ ચૈત્ર સુદ 6 શ્રી યમુનાજીનો પ્રાગટ્ય ઉત્સવ હોવાથી કેટલાક જ્ઞાતિજનો

વાવમાં નીચે યમુનાષ્ટકનો પાઠ કરતા જોવા મળ્યાં હતાં.

2011 ના સેન્સસ પ્રમાણે વાયડની વસતી 6235ની છે. જેમાં 3220 પુરુષો અને 3015 સ્ત્રીઓ છે. ગામમાં કુલ 1073 ઘર છે. સાક્ષરતા દર 62 ટકા છે પરંતુ સ્ત્રીઓનો સાક્ષરતા દર માત્ર 20.7 ટકા જ છે. ગામમાં 2740 લોકો કારીગર તરીકે કામ કરે છે. બાળકોની સંખ્યા 1004 છે. ગામમાં 698 લોકો પાસે પોતાની જમીન છે જેમાં તેઓ ખેતી કરી છે. વાયડનો વિસ્તાર 15.89 ચોરસ કિ.મી. નો છે. વાયડ ગામમાં એક 1000 પુરુષે 936 સ્ત્રીઓ છે. વાયડ નામના હિન્દુસ્તાનમાં બીજા બે ગામ છે. રાજસ્થાનના પાલી જિલ્લામાં રોહત તાલુકામાં વાયડ ગામ આવેલું છે. જે પાલીથી 42 કિ.મી. દૂર છે. જ્યારે કેરળમાં કન્નૂર જિલ્લામાં પણ વાયડ નામનું ગામ આવેલું છે.

ગામડાની ભાષા હવે ગામડીયા જેવી લાગતી નથી. પરંતુ ભાષા સુધરી રહી છે. ગામડાની જનતા પહેલા જેવી ભોળી રહી નથી પરંતુ ચબરાક થઈ ગઈ છે. યુવાનો નવા ઉપકરણો વાપરતા થઈ ગયા છે. 'માણસે માણસમાં જ ઈશ્વર શોધવો પડશે.'–એવુ એક અંગ્રેજ ફીલસુફે કહેલુ વાક્ય સાંભળવા મળ્યું ત્યારે થયુ કે આધ્યાત્મીક રીતે પણ તેઓ પાછળ રહી ગયા નથી.

વાયડ ગામ પ્રગતિના પંથ પર છે. મંદિરથી ગામ સુધી સિમેન્ટ ક્રોંકીટની સડક આવી ગઈ છે. કેમ્પસની બહાર જ ડાબી બાજુ પંચાયતનું નવું બે માળનું કાર્યાલય બની રહ્યું છે. જૂનું મકાન જમીનદોસ્ત થઈ ગયું છે. આ માટે 13 લાખ રૂપિયા રાજ્ય સરકારે ફાળવ્યા છે. વાયડમાં 24 કલાક વીજળી મળે છે. ભાગ્યે જ વીજળી ડૂલ થાય છે. ગામની બહાર જ સામે આધુનિક હોટલ બની ગઈ છે. વાયડ ગામમાં રેલ્વેસ્ટેશન પણ ધમધમી રહ્યું છે પણ હાલ એક પણ ટ્રેનનું સ્ટોપેજ નથી. પાટણથી ભીલડીની વચ્ચે વાયડ રેલ્વે સ્ટેશન આવેલું છે. જે વાયડ ગામની સામે હરીપુરામાં સ્થિત છે. ભગતકી કોઠી (રાજસ્થાન)થી સાબરમતી ટ્રેન સપ્તાહમાં બે વાર અને દાદર–બિકાનેર ટ્રેન સપ્તાહમાં ત્રણ વાર અહીંથી પસાર થાય છે. સ્ટેશન માસ્તર સુનીલકુમારે એક મુલાકાતમાં જણાવ્યું કે જો ગ્રામજનો રસ દાખવે અને ઉત્સાહ બતાવે તો વાયડ ગામને ટ્રેનનું સ્ટોપેજ મળી શકે તેમ છે. અહીં 13 વ્યક્તિઓનો સ્ટાફ છે. જો કે રેલ્વેએ 27 જેટલા સ્ટાફ ક્વાર્ટસ પણ બનાવેલા છે. એપ્રિલ 18, 2019ના રોજ, વાયડ માતાની પ્રાણપ્રતિષ્ઠા બાદ સ્ટેશનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. પાટણથી ભીલડીના 35 મિનિટમાં ટ્રેનનું ટેસ્ટીંગ સતત ચાલુ હોય છે.

ચૈત્ર સુદ પાંચમને તા. 6-4-2022 ના રોજ સવારે 4-30 વાગે પાટણથી વાયડ પગપાળા સંઘ શરૂ થયો હતો. શ્રી અશોકભાઈ પરીખના માર્ગદર્શન હેઠળ તેનું આયોજન કરવામાં આવ્યું હતું. પગપાળા સંઘ બપોરે 11 વાગ્યે વાયડ આવી પહોંચ્યો હતો. આ સંઘમાં 53 જ્ઞાતિજનો જોડાયા હતાં. આ 31 મો પગપાળા સંઘ હતો. પરાગભાઈ અને પ્રશાંતભાઈએ તેનું સંચાલન કર્યું હતું.

સખત ગરમી અને બોર્ડની પરીક્ષાઓ પાછી ઠેલાતાં પરીક્ષાની તારીખો, સંઘની તારીખો સાથે જ આવી ગઈ તેને કારણે સંખ્યા ઓછી જોવા મળી હતી. ચૈત્ર સુદ 6 ને સાંજે 6-30 વાગે યજ્ઞકુંડમાં શ્રીફળ હોમાયું ત્યારે 650 વ્યક્તિઓ ઉપસ્થિત હતાં. પરિસરમાં સુંદર મંડપ બાંધવામાં આવ્યો હતો. ઉપરાંત કૂલરો પણ મૂકવામાં આવ્યાં હતાં. ચૈત્ર સુદ 6 ના દિવસે સુંદર રંગોળી પાટણની જ્ઞાતિના ગોર શ્રી અલકેશભાઈએ તૈયાર કરી હતી. રોજ રાત્રે માતાજીના ગરબા થતાં હતાં અને સંસ્થાન તરફથી લ્હાણી પણ કરવામાં આવી હતી. સંસ્થાનના મંત્રી શ્રી અજયભાઈ પરીખે સુંદર રીતે સંઘની તમામ વ્યવસ્થાઓ કરી હતી.

સંઘનો મુખ્ય પ્રસંગ વાયડ ગામના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં 475 વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ વિતરણનો હતો. વાયડ સંસ્થાન તેમ જ સ્વ. જેઠાલાલ અચરતલાલ પરીખ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે 1.30 લાખ રૂપિયાના ખર્ચે બાળકોને સ્કૂલબેગ આપવામાં આવી હતી. ઉપરાંત વડોદરાની જ્ઞાતિના બંદીશભાઈ શાહ તરફથી કલરના 50 બોક્સ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમ જ આવતા વર્ષે ધોરણ 6 થી 8 માં અભ્યાસ કરતાં તમામ બાળકોને સ્ટેચ્યુ ઓફ યુનિટીનાં પ્રવાસે લઈ જવાની જાહેરાત કરવામાં આવી હતી.

વાયડ સંસ્થાન તરફથી 225 બેગ અને ટ્રસ્ટ તરફથી 250 બેગ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રમેન્દ્રભાઈ પરીખ, શશાંકભાઈ શાહ, સુનીલભાઈ શાહ, અજયભાઈ પરીખ, બંદીશભાઈ શાહ, અનીષભાઈ શાહ તેમ જ રમેન્દ્રભાઈના કુટુંબીજનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. પ્રાસંગિક પ્રવચનો પણ થયાં હતાં.

ગામના નવા સરપંચ અદેસિંહ, પ્રાથમિક શિક્ષણ અધિકારી મહેન્દ્રભાઈ મકવાણા, કેળવણી નિરીક્ષક શ્રી રમેશભાઈ દેસાઈ, શાળાના આચાર્યશ્રી દિપેનભાઈ પરમાર અને સમસ્ત શિક્ષકગણ હાજર રહ્યાં હતાં. બાળકોની શિસ્તની પ્રશંસા કરવી પડે તેમ છે. ખૂબ જ ધીરજથી તેમણે આ કાર્યક્રમ માણ્યો હતો. તેમ જ સામૂહિક પ્રાર્થના અને ગીત ગાયા હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન વરિષ્ઠ શિક્ષક અને સુપરવાઈઝર બાબુભાઈ દેસાઈએ કર્યું હતું. તેમની દીકરીને હમણાં જ

MBBS માં એડમીશન મળ્યું છે. તે ગામની પ્રથમ વ્યક્તિ ડૉક્ટર બનશે.

શાળાના આચાર્યશ્રી દીપેનભાઈ પરમારે એક મુલાકાતમાં જણાવ્યું કે આ ગામ બક્ષીપંચનું ગામ છે. વાયડ ગામની શાળા School of Excellence માં સ્થાન પામી છે તેનો આનંદ છે. જેના માટે શાળાનું પરિણામ ઓછામાં ઓછું 65% ટકા હોવું જોઈએ. વળી ગામના શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા સાથે તેને સીધો સંબંધ છે. આને કારણે રાજ્ય સરકારે હાલની શાળાની પાછળના ભાગમાં વધારાની જમીન લીધી છે. આગામી બે વર્ષમાં પાંચ માળનું મકાન બનશે અને દરેક માળ પર પાંચ રૂમ હશે. આમ સુવિધા વધી જશે અને વિદ્યાર્થીઓને કમ્પ્યૂટર સહિતનું શિક્ષણ મળશે. અલબત્ત, શાળાની શિક્ષિકાઓ અલકાબહેન અને ધરાબહેનને શાળાની વિદ્યાર્થીઓને ‘વિદ્યાલક્ષ્મી બોન્ડ’ ન મળવા બાબતે અફસોસ છે કારણ કે આ માટે કન્યાકેળવણી ૫૧ ટકા હોવી ફરજિયાત છે. જ્યારે વાયડ ગામમાં કન્યા કેળવણી માત્ર ૨૦ ટકા જ છે.

ત્યાર બાદ સવારે 11-00 વાગે નવનિર્માણ પામેલી વડોદરાની ચોકીનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન હરીશભાઈ શાહે તેમની લાક્ષણિક શૈલીમાં કર્યું હતું. તેમણે પૂર્વભૂમિકા રજૂ કરી હતી અને જ્ઞાતિના પૂર્વજોને યાદ કર્યા હતાં. તેમણે કાર્યક્રમની શરૂઆત અને અંત કાવ્યથી કરી હતી. મંચ પર ઉપસ્થિત રમેન્દ્રભાઈ પરીખ, શશાંકભાઈ શાહ, સુનીલભાઈ શાહ, બંદિશભાઈ શાહ, ધીરેનભાઈ પરીખ, તુષારભાઈ શાહ વગેરેનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

વડોદરાની જ્ઞાતિ તરફથી કોરોના કાળમાં નિર્માણ પામેલી ચોકીઓમાં યોગદાન આપનારનું સન્માન કરવામાં આવ્યું હતું. હરીશભાઈ શાહે રમેન્દ્રભાઈ પરીખના યોગદાન તેમ જ વ્યક્તિત્વ વિશે કાવ્યસભર રજૂઆત કરી ત્યારે તેઓ ભાવુક બની ગયા હતાં. રમેન્દ્રભાઈએ તમામનો આભાર માન્યો હતો. કાર્યક્રમ દરમિયાન કિરણભાઈ શાહની ગેરહાજરી વર્તાતી હતી.

હવનનો લાભ રૂ. 31,000 માં ભરતભાઈ જેકીશનદાસ પરીખે લીધો હતો. જ્યારે ચૈત્ર સુદ છઠની આરતીનો લાભ રૂ. 71000/- માં અરૂણભાઈ શાહ (રંગવાળા) પરિવારને મળ્યો હતો. હવન અને વરઘોડાના ઉત્સવો ધામધૂમથી પરંપરાગત રીતે યોજાયાં હતાં.

મંદિરના પૂજારી તરીકે પરેશભાઈ અને અલ્પેશભાઈની સેવાઓ અદ્વિતીય છે. તેમણે જ્ઞાતિજનોને ભાવથી અને પ્રેમથી કેસર સ્નાન સહિત માતાજીની પૂજા

‘દૃષ્ટિ આઈ ક્લિનિક’ – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

કરાવી હતી. તેઓ હંમેશા હસતા ચહેરે જ્ઞાતિજનોને આવકારી માતાજીની પૂજાનો લાભ આપે છે. રસોઈનું સુંદર આયોજન શ્રી ચેતનભાઈ, દિગીશભાઈ અને ધીરેનભાઈની ટીમે કર્યું હતું.

વાયડા પંચાલ જ્ઞાતિમંડળના ભક્તો દર વર્ષે મોટી સંખ્યામાં હવનના દર્શનાર્થે સંઘ સ્વરૂપે આવે છે. પંચાલ જ્ઞાતિના અગ્રણી નટવરભાઈ પંચાલના જણાવ્યા પ્રમાણે આ વર્ષે 270 પંચાલ જ્ઞાતિજનોએ હવનના દર્શનનો લાભ લીધો હતો. પંચાલભાઈઓ વાયડની આજુબાજુના 39 ગામોમાં સ્થિત છે. પંચાલ એટલે પાંચ કારીગર જ્ઞાતિઓનો સમૂહ જેમાં લુહાર, સુથાર, કડિયા, સોની અને કંસારાનો સમાવેશ થાય છે. તેઓ વિશ્વકર્માના પુત્રો હોવાનું પુરાણોમાં જણાવેલ છે. વિશ્વકર્મા શિલ્પ, સ્થાપત્ય અને ઈજનેરી વિદ્યાના દેવ છે. તેઓ દેવોના એન્જિનિયર કહેવાય છે. પંચાલ બ્રાહ્મણવૃત્તિના કહેવાય છે.

કોરોનાની ગાઈડલાઈનનું પાલન ઓછું જોવા મળ્યું હતું પણ કોરોનાની સાવચેતીને લક્ષ્યમાં લઈને ચૈત્ર સુદ છઠના હવન બાદ પ્રસાદની વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યો હતો. જે જ્ઞાતિજનો પ્રસાદ લઈને પરત ફરવાના હતાં તેઓએ પોતાના નામ શ્રી રાજુભાઈ શાહને નોંધાવ્યાં હતાં. આ જ્ઞાતિજનો સૌ પ્રથમ પ્રસાદ લઈ પરત ફર્યા હતા જ્યારે રોકનારા જ્ઞાતિજનોએ ત્યાર બાદ પ્રસાદ લીધો હતો.

પ્રસાદ માટે રોજ સવાર સાંજ જુદા જુદા રંગના ટોકન આપવામાં આવ્યાં હતાં જેથી કેટલા જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો તેની ગણતરી થઈ શકે. આ માટેનું સંચાલન રાજુભાઈ શાહે કર્યું હતું. તેમના જણાવ્યા પ્રમાણે ચૈત્ર સુદ ૬ની સવારે ૬૦૦ જ્ઞાતિજનો અને સાંજે હવન બાદ ૬૫૦ જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો હતો. સમગ્ર સંઘ દરમ્યાન ૫ દિવસના બન્ને સમય (કુલ ૮) થઈને ૨૬૦૦ જ્ઞાતિજનોએ પ્રસાદ લીધો હતો.

એક દૃશ્ય એવું જોવા મળ્યું કે સંઘમાં સીનીયર સીટીઝન્સ જ વધુ પ્રમાણમાં ભાગ લે છે. યુવાનોને ધાર્મિક રીતરસમમાં રસ ઘટતો જાય છે. યુવાનો પણ વડીલોને હવનમાં દર્શન કરાવવા માટે જ તેઓ સાથે આવતા હોય છે તે પણ T20 મેચની માફક બપોરે વાયડ આવી હવનના દર્શન કરી પ્રસાદ લઈ પરત ફરી જતા હોય છે. ત્રીજી પેઢીને તો બિલકુલ રસ નથી. જો પરિસ્થિતિ આજ પ્રમાણેની રહે તો ભવિષ્યમાં સંઘ પર ભારે અસર પડી શકે છે. આમેય ચોથના દિવસે સંઘ શરૂ થાય ત્યારે વધુમાં વધુ 150 જ્ઞાતિજનો જ હોય છે.

જો કે કોરોનાને કારણે બે વર્ષ નહીં મળી શકવાને કારણે આ વર્ષે જ્ઞાતિજનો મનમૂકીને એકબીજાને મળ્યા હતાં અને ખબર અંતર પૂછતા હતાં. કેટલાક જ્ઞાતિજનોએ વિચાર વહેતો મૂક્યો કે દિવાળી બાદ અને શિયાળો જામે તે પહેલાં બે રાત્રિ–ત્રણ દિવસનું વાયડ પ્રવાસનું આયોજન કરવું જોઈએ. સ્વખર્ચે ભોજનની વ્યવસ્થા કરી શકાય. વળી રહેવા માટે ચોકીઓ ઉપલબ્ધ છે. માતાજીના દર્શનનો લાભ પણ મળે અને કુટુંબ સાથે રજાનો આનંદ માણી શકાય. ઉપરાંત વાયડથી ગુજરાત ટુરિઝમનું નવું આકર્ષણ નડાબેટ સીમાદર્શન પ્રોજેક્ટ માત્ર 96 કિમી દૂર–બે કલાકના અંતરે છે તેની મુલાકાત પણ લઈ શકાય. જો કે આ માટે વાયડ સંસ્થાનની મંજૂરી આવશ્યક છે. ઘણા વડીલોને પગની તકલીફ હોવાથી મંદિરમાં દર્શન કરવા જવા માટે તકલીફ પડે છે તો ચેર–લીફ્ટની વ્યવસ્થા થાય એવુ સૂચન કરવામાં આવેલુ છે.

વાયડ સંસ્થાન અને વાયડ રસોડા ટ્રસ્ટ તેમ જ અન્ય જ્ઞાતિઓની પણ મીટીંગ મળી હતી. શરદભાઈ શાહના જણાવ્યા પ્રમાણે પાટણની જ્ઞાતિ તરફથી ‘યમુનાવાડી’ પર એક પુસ્તક તૈયાર કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. સંસ્થાનના મંત્રીશ્રી અજયભાઈ પરીખે જણાવ્યું કે સખ્ત ગરમીને કારણે જ્ઞાતિજનો ઉછામણી માટે સમયસર યજ્ઞમંડપ પર આવ્યા ન હતાં જેને કારણે યજ્ઞકુંડમાં શ્રીફળ હોમાવાનું મોડું થયું હતું.

વાયડ સંઘ વખતે અને વાયડ મુકામે નિષ્ઠાથી સેવા આપનાર સ્વ. તુષારભાઈના અચાનક અવસાનથી જ્ઞાતિજનોએ આંચકો અનુભવ્યો હતો. શ્રી અશોકભાઈ તેમ જ તેમના પરિવારજનોને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તે માટે વાયડામાતાના ચરણોમાં પ્રાર્થના કરી હતી. ચૈત્રસુદ 6 તારીખ 7-4-2022ના રોજ બપોરે 4-00 વાગે વાયડ સંસ્થાનના કેમ્પસથી હવનનું લાઈવ સ્ટ્રીમીંગ યુટ્યુબ પર પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેને ચાર હજાર કરતાં વધુ વ્યૂઝ મળ્યાં હતાં. આ માટે એક લીન્ક આપવામાં આવી હતી જેમાં જોડાઈને ભક્તોએ બહોળી સંખ્યામાં હવનના લાઈવ દર્શન કર્યા હતાં.

આ માટે રોહિતભાઈ તેમ જ રાકેશભાઈ(વ્રજ સ્ટુડિઓ)ની ટીમે સુંદર રીતે વાયડ પરિસરની ઝાંખી કરાવી હતી. હરીશભાઈ શાહ અને હિમાંશુભાઈ શાહે કોમેન્ટરી આપી હતી. શરૂઆતમાં હરીશભાઈએ પ્રાથમિક માહિતી આપી હતી. ત્યારબાદ યજ્ઞના શાસ્ત્રી શ્રી અમિતભાઈએ યજ્ઞ તેમ જ હોમ–હવન–પૂજાની જરૂરિયાત, તેનાથી થતા લાભ અને શા માટે છઠના દિવસે જ હવન કરવો જોઈએ તેની

રસપ્રદ માહિતી આપી હતી. ત્યાર બાદ હિમાંશુભાઈ શાહે વાયડ ગામ, વાયડ માતાજી અને વાયુદેવતાજીના ઇતિહાસ અંગે વાત કરી હતી. માતાજીના મંદિરમાં ગર્ભગૃહ પાસે તેનું રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આ સમયે જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. તે જ સમયે દર્શન ખૂલ્યા અને હર્ષભેર લોકોએ વાયડ માતકી જય કરીને વધાવી લીધા હતાં. સમગ્ર કાર્યક્રમનું આયોજન વાયડા વણિક સેવા ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી ધીરેનભાઈ પરીખે કર્યું હતું. જો કે 2020 અને 2021 દરમિયાન સંઘનું આયોજન થયું ન હતું ત્યારે પણ જ્ઞાતિજનોએ હવનના લાઈવ દર્શન કર્યા હતાં. વાયડામિત્રના લેખક રીપલ પરીખે જુદી જુદી વ્યક્તિઓના ઈન્ટરવ્યુ લઈ યુટ્યુબ પર મૂક્યા હતાં જેને બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે આવતા વર્ષે ચૈત્ર સુદ 4 ને 25 માર્ચ 2023 શનિવારથી ચૈત્ર સુદ 8, 29 માર્ચ 2023 બુધવાર દરમિયાન વાયડ સંઘ થશે. હવન ચૈત્ર સુદ 6, 27 માર્ચ 2023 સોમવારના રોજ યોજાશે. એટલે 2022-23 ના વર્ષમાં બે સંઘ યોજાશે.

જ્ઞાતિજનો, વર્ષભરનો આનંદ મેળવવા માટે ફરી એકવાર તૈયાર થઈ જજો.

**– હિમાંશુ શાહ, પૂર્વ તંત્રી – વાયડામિત્ર**

**(M) 9429067890**

## શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ

ચૈત્ર સુદ 6 ના રોજ શ્રી વાયડ રસોડા ટ્રસ્ટને મળેલ ભેટની વિગત નીચે પ્રમાણે છે.

| | |
|---|---|
| 2000/- | કશ્યપભાઈ શ્રોફ |
| 1001/- | ભૂપેન્દ્રભાઈ શેઠ |
| 1001/- | મનિષાબેન દેસાઈ |
| 5100/- | સૌરભ શાહ |
| 5000/- | અ.સૌ. સુભદ્રાબેન પરીખ |
| 1500/- | ગોપાળજી શાહ |
| 1000/- | કનૈયાલાલ શાહ |
| 5000/- | કિરીટકુમાર શાહ |
| 2100/- | શરદકુમાર પરીખ |
| 11000/- | ભરતભાઈ શાહ |
| 5000/- | રાજેશભાઈ શાહ |
| 5000/- | ભાવિન શ્રોફ |
| 900/- | ડૉ ચીમનલાલ કોપરગાંવવાળા |
| 5000/- | દૃષ્ટિ પટેલ |

શ્રી વાયડ રસોડા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ સૌ દાતાઓનો આભાર માને છે.

**– રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

# વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

-- શ્રી માતાજીને આવેલ રોકડ ભેટ --

(1) ધર્મિષ્ઠાબેન તથા અરવિંદભાઈ બેંકર હ. પ્રતિકભાઈ બેંકર
પાટણ - વડોદરા, રૂ. 1,00,000/- (એક લાખ રૂપિયા)

(2) સંગીતાબહેન સંજયભાઈ દેસાઈ - પાલનપુર
રૂ. 51,000/- (એકાવન હજાર રૂપિયા)

(3) ભરતભાઈ જેકીશનદાસ પરીખ હ. રેણુકાબહેન પાટણ–
હાલ અમદાવાદ, રૂા. 11,000 (અગિયાર હજાર રૂપિયા)

-- શ્રી માતાજીને આવેલ અલંકાર (દાગીના) ભેટ --

(1) વિલાબેન અજયકુમાર શ્રોફ, વડોદરા
સોનાનો હાર (22 કેરેટ), વજન 13.680

(2) અમૃતલાલ મગનભાઈ પંચાલ, મડાણા (પાલનપુર પાસે)
સોનાનું બ્રેસલેટ નંગ–1, વજન 5.180

(3) દિનેશચંદ્ર શાન્તીલાલ હાટડીયા, મુ. વડોદરા
ચાંદીની પાયલ, નંગ-1, વજન 39.750

## શ્રી વાયડ માતાજીની આરતી અને વરઘોડાની ઉછામણી

તારીખ 5-4-2022 થી તારીખ 9-4-22

| નંબર | નામ | ગામ | રૂપિયા |
|---|---|---|---|
| 1 | ચૈત્રસુદી 4 સાંજની આરતી<br>જયપ્રકાશ કાન્તીલાલ શાહ | અમદાવાદ | 9501 |
| 2 | ચૈત્રસુદી 5 સવારની આરતી<br>નાનુભાઈ તથા પીયુષભાઈ | અમદાવાદ | 9500 |
| 3 | ચૈત્ર સુદી 5 સાંજની આરતી<br>રાજેન્દ્રકુમાર કાન્તીલાલ શાહ | દેત્રોજ | 5500 |
| 4 | ચૈત્ર સુદી 6 સવારની આરતી<br>ભૂપેન્દ્રભાઈ શ્યામલાલ પરીખ | ગાંધીનગર | 13501 |
| 5 | ચૈત્ર સુદી 6 સાંજની આરતી<br>અરૂણભાઈ રંગવાળા પરિવાર | વડોદરા | 71,000 |

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

| | | | |
|---|---|---|---|
| 6 | ચૈત્ર સુદી 7 સવારની આરતી | | |
| | કેતનભાઈ રમેશચંદ્ર શાહ | કડી–અમદાવાદ | 7501 |
| 7 | ચૈત્ર સુદી 7 સાંજની આરતી | | |
| | રાજેશભાઈ બચુભાઈ શાહ | કડી–અમદાવાદ | 4001 |
| 8 | ચૈત્ર સુદી 8 સવારની આરતી | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 10,501 |
| 9 | ચૈત્ર સુદી 6 ઉછામણીથી હવનમાં બેસવાના | | |
| | ભરતભાઈ જેકીશનદાસ પરીખ | પાટણ–અમદાવાદ | 31,000 |
| 10 | ચૈત્ર સુદી 6 ચીઠ્ઠીથી હવનમાં બેસવાના | | |
| | બકુલભાઈ સૂર્યકાન્ત પરીખ | પાટણ–અમદાવાદ | 7501 |
| 11 | ચૈત્ર સુદી 6 ધ્વજાદંડ ચડાવવાના | | |
| | સ્વ. નવનીતલાલ છોટાલાલ શાહ | અમદાવાદ | 5001 |

## ચૈત્ર સુદી 8 વરઘોડાની ઉછામણી

| | | | |
|---|---|---|---|
| 1 | શ્રી માતાજીને જમણી બાજુ ચમ્મર | | |
| | દિલીપભાઈ શાહ | ભૂજ | 251 |
| 2 | શ્રી માતાજીને ડાબી બાજુ ચમ્મર | | |
| | કોકીલાબેન યોગેશભાઈ શાહ | ભૂજ | 251 |
| 3 | શ્રી માતાજીને જમણી બાજુ છડી | | |
| | કંચનબેન શાહ | વડોદરા | 200 |
| 4 | શ્રી માતાજીને ડાબી બાજુ છડી | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 200 |
| 5 | શ્રી માતાજીને જમણી બાજુ ગેંડો | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 150 |
| 6 | શ્રી માતાજીને ડાબી બાજુ ગેંડો | | |
| | સતીષભાઈ ગોપાળદાસ શાહ | માંડવી | 150 |
| 7 | શ્રી માતાજીને જમણી બાજુ પંખો | | |
| | હરીશભાઈ ગોપાળદાસ શાહ | માંડવી | 251 |
| 8 | શ્રી માતાજીને ડાબી બાજુ પંખો | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 251 |

સ્વ. સમજુબેન જયંતિલાલ ગાંધીના જય શ્રી કૃષ્ણ.

| | | | |
|---|---|---|---|
| 9 | શ્રી માતાજી પાસે આબદાગીરી | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 251 |
| 10 | શ્રી માતાજીની પાલખી ઉપર છત્રી | | |
| | ગીતાબેન દિપકભાઈ વ્રજલાલ શાહ | વડોદરા–અમદાવાદ | 5555 |
| 11 | શ્રી માતાજીને દૂધની ધારાવાહી | | |
| | જયંતીલાલ મફતલાલ પંચાલ | વિસલવાસણા | 9501 |
| 12 | શ્રી માતાજી પાસે ત્રિશુળ | | |
| | અરવિંદભાઈ ગોપાળદાસ | માંડવી | 501 |
| 13 | શ્રી માતાજી પાસે ટોકરી (ઘંટડી) | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 201 |
| 14 | શ્રી માતાજી પાસે નામણ દીવો | | |
| | કરશનભાઈ ઓખાભાઈ પંચાલ | સમૌ | 1001 |
| 15 | શ્રી માતાજીની પાલખીનો પહેલો છેડો | | |
| | યોગેશભાઈ જયંતીલાલ પંચાલ | વાગદોડ | 501 |
| 16 | શ્રી માતાજી પાલખીનો બીજો છેડો | | |
| | દશરથભાઈ ઈશ્વરભાઈ પંચાલ | વાગદોડ | 751 |
| 17 | શ્રી માતાજી પાલખીનો ત્રીજો છેડો | | |
| | કરશનભાઈ ઓખાભાઈ પંચાલ | સમૌ | 551 |
| 18 | શ્રી માતાજીની પાલખીનો ચોથો છેડો | | |
| | કેશવલાલ મગનલાલ પંચાલ | ચંદ્રમણા | 1001 |
| 19 | શ્રી માતાજીને પાલખીમાં પધરાવાના | | |
| | આશાબેન ધીરેન્દ્રભાઈ પારેખ પરિવાર | અમદાવાદ | 28001 |
| 20 | શ્રી માતાજીની પાદુકા પાલખીમાં પધરાવાના | | |
| | અજયભાઈ શ્રોફ | વડોદરા | 3200 |
| 21 | શ્રી માતાજીને ફુલનો હાર પહેરવાના | | |
| | અમૃતલાલ મગનલાલ પંચાલ | ગઢમડાણા | 3001 |
| 22 | શ્રી માતાજીને પોંખવાના | | |
| | આશાબેન ધીરેન્દ્રભાઈ પારેખ પરિવાર | અમદાવાદ | 27001 |
| 23 | શ્રી માતાજીના પાદુકા મંદિરમાં પધરાવવાના | | |
| | માલતીબેન મનહરલાલ ગાંધી પરિવાર | વડોદરા | 5500 |

સ્નેહલતાબેન પ્રફુલચંદ્ર ગાંધી (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.**

## નીચે મુજબ રકમ નક્કી કરવામાં આવેલ

| | | | |
|---|---|---|---|
| 1 | શ્રી માતાજીની જમણી બાજુ નિશાન | | |
| | ચિરાગ રજનીકાંત શાહ | ભૂજ | 151 |
| 2 | શ્રી માતાજીની ડાબી બાજુ નિશાન | | |
| | ચિરાગ રજનીકાંત શાહ | ભૂજ | 151 |
| 3 | શ્રી માતાજી પાસે અબીલનો થાળ | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 151 |
| 4 | શ્રી માતાજી પાસે ગુલાલનો થાળ | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 151 |
| 5 | શ્રી માતાજી પાસે ફુલનો થાળ | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 151 |
| 6 | શ્રી માતાજી પાસે ઘડીયાળ | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 201 |
| 7 | શ્રી માતાજી પાસે ખસનો પંખો | | |
| | કનૈયાલાલ શામજી | મુંબઈ | 201 |
| 8 | શ્રી માતાજી પાસે ગુલાબદાની | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 251 |
| 9 | શ્રી માતાજી પાસે અત્તરદાની | | |
| | કોકીલાબેન ભગવાનજી શાહ | ભૂજ | 151 |
| 10 | શ્રી માતાજીની જમણી બાજુ ધુપીયું | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 201 |
| 11 | શ્રી માતાજીની ડાબી બાજુ ધુપીયું | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 201 |
| 12 | શ્રી માતાજી પાસે દિવડા સાથે થાળ | | |
| | કંચનબેન નાનાલાલ શાહ | વડોદરા | 251 |

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ, અમદાવાદ**
**–અજયભાઈ એ. પરીખ, સેક્રેટરી,**
**ફોન. 9824667323, પાટણ (ઉંઝા)**

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

# શ્રી સમીરી વણિક સમાજ, અમદાવાદ

## -- વાયડ સંઘનો અહેવાલ --

કોવિડ–19 ની વૈશ્વિક મહામારીના કારણે બે વર્ષ બાદ મા શ્રી સમીરી કામદા દેવીની કૃપાથી આપણા સમાજ દ્વારા ચૈત્ર સુદ છઠ, તા. 7-4-2022 ના રોજ એક દિવસીય સંઘનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વ. ગોકળદાસ ચુનીલાલ પારેખ તથા સ્વ. સરસ્વતીબહેન ગો. પારેખની સ્મૃતિમાં શ્રી સતીષભાઈ ગો. પારેખ તથા ભારતીબેન એસ. પારેખ દ્વારા સમાજને અપાયેલ દાનની રકમના વ્યાજમાંથી અમદાવાદ–વાયડ–અમદાવાદનું 2 × 2 એ.સી. બસ દ્વારા નિ:શુલ્ક યાત્રા પ્રવાસનું આયોજન કરાયું હતું.

બે વર્ષના વિરામ બાદ આ આયોજન થવાથી સમાજના સભ્યોમાં ઘણો ઉત્સાહ વાયડ જવા માટેનો હતો અને લગભગ 80 સભ્યોના નામ નોંધાયા હોવાથી સમાજની કારોબારી મિટીંગમાં નક્કી કર્યા પ્રમાણે બે 2 × 2 એ.સી. લક્ઝરી બસનું તથા તેની બેઠક વ્યવસ્થાનું આયોજન કર્યું હતું. સમાજની કારોબારી મિટીંગમાં નક્કી થયા પ્રમાણે નામ નોંધાવેલ સમાજના દરેક સભ્ય દીઠ રૂ. 200/- (પરત આપવા પાત્ર) તથા મહેમાનો માટે રૂ. 400/- પ્રતિ વ્યક્તિ લેવામાં આવ્યા હતાં અને સમાજના સભ્યોને અમદાવાદ પરત ફરતી વખતે બસમાં રૂ. 200/- પરત આપવામાં આવ્યા હતાં.

ચૈત્ર સુદ-6 ને ગુરુવાર તા. 7-4-2022ના રોજ બંને લક્ઝરી બસો વ્રજભૂમિ મંદિર, આંબાવાડીથી સવારે 7-15 વાગે વાયડ મૈયાનો જય જયકાર કરીને રસ્તામાં ગુરુકુળ, માનવમંદિર પાસેથી યાત્રીઓને લઈને વાયડ જવા માટે નીકળી હતી. રસ્તામાં કલોલ પાસે આવેલ હોટલ અમૃત ઉપર તમામ યાત્રીઓને ચ્હા–કોફી–નાસ્તો આપવામાં આવ્યો હતો. નાસ્તાનો આસ્વાદ માણીને બંને બસોએ કલોલથી વાયડ જવા પ્રસ્થાન કર્યું હતું. વાયડ પહોંચતાં પહેલાં બંને લક્ઝરી બસોમાં ‘પત્તાની રમત’ તથા ‘હાઉસી’ની રમતો સભ્ય દીઠ રૂ. 10/- લઈને રમાડવામાં આવી હતી અને આવેલ રકમમાંથી નક્કી કર્યા પ્રમાણે વિજેતાઓને રોકડ ઈનામ આપવામાં આવ્યાં હતાં.

લગભગ બપોરે 12-00 વાગ્યે વાયડ પહોંચ્યા બાદ સાંજે હવનની પૂર્ણાહુતી બાદ યાત્રીઓએ મહાપ્રસાદ લઈને રાત્રે 8-00 વાગ્યે પરત અમદાવાદ આવવા પ્રયાણ કર્યું હતું. રસ્તામાં કલોલ પાસે આઈસ્ક્રીમનો આસ્વાદ માણતા માણતા રાત્રે

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

12-00 વાગ્યે ગુરુકુળ પાસે યાત્રીઓને ઉતારીને છેલ્લે વ્રજભૂમિ મંદિર, આંબાવાડી ખાતે બસો આવી પહોંચી હતી. સૌ યાત્રીઓ એકબીજાને 'જય શ્રી કૃષ્ણ' કહીને આનંદવિભોર બનીને છૂટા પડ્યાં હતાં.

## -- આગામી કાર્યક્રમનું આયોજન--

આપ સૌને જણાવતાં સહર્ષ આનંદ થાય છે કે આપણા સમાજની તા. 26-4-2022ના રોજ સેક્રેટરીશ્રી શરદભાઈ જે. પરીખના ઘરે મળેલી કારોબારી મિટીંગમાં આપણો આ વર્ષનો પ્રથમ કાર્યક્રમ તા. 12-6-2022ના રોજ હૉલ/પાર્ટીપ્લોટ મળવાની શક્યતાઓને ધ્યાનમાં રાખીને યોજવામાં આવ્યો છે. કાર્યક્રમનું સ્થળ નક્કી થયેથી સભ્યોને નામ નોંધાવતી વખતે રૂબરૂમાં અથવા ટેલીફોનથી જાણ કરવામાં આવશે. નામ નોંધાવવા માટે 'On-line' વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેની સમાજના WhatsApp ગ્રુપમાં linc જણાવવામાં આવશે તથા ટેલીફોન દ્વારા પણ નામ નોંધાવી શકાશે. નામ નોંધાવ્યા બાદ જે સભ્યો કાર્યક્રમમાં હાજર રહેશે નહિ તેમણે કારોબારીએ નક્કી કરેલ પૂરો ચાર્જ ચૂકવવાનો રહેશે.

કારોબારી મિટીંગમાં નક્કી થયા પ્રમાણે આ કાર્યક્રમ માટે સમાજના સભ્ય દીઠ રૂ. 200/- તથા મહેમાનને પ્રમુખશ્રી/સેક્રેટરીશ્રીની મંજૂરીથી લાવી શકાશે અને મહેમાનદીઠ રૂ. 400/- ચૂકવવાના રહેશે.

કાર્યક્રમની શરૂઆત સાંજે 5-30 વાગ્યાની આસપાસ થશે. આ કાર્યક્રમમાં મંડળની કારોબારીમાં અગાઉ નક્કી થયા પ્રમાણે દર બે વરસે સમાજના 75 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા વડીલો કે જેમનું અગાઉના વરસ દરમિયાન બહુમાન ન થયું હોય તથા તા. 31-12-2022 સુધીમાં નવા 75 વર્ષ પૂર્ણ કરતાં વડીલોનું બહુમાન કરવામાં આવશે. આવા વડીલોએ તેમનું નામ નીચે જણાવેલ મો નંબર ઉપર 25 મે થી 31 મે દરમિયાન નક્કી કરેલ સમય દરમિયાન નોંધાવી દેવો. બહુમાન કરવામાં આવનાર વડીલોએ કાર્યક્રમમાં રૂબરૂ હાજર રહેવા વિનંતી છે

વડીલોના બહુમાન કાર્યક્રમ પછી જો શક્ય હશે તો ગીત–સંગીતનો કાર્યક્રમ આપણા સમાજના ચુનંદા 'નીવડેલા ગાયકો' દ્વારા રજુ કરવામાં આવશે. જો આ શક્ય નહી બને તો રમતો રમાડવાનું આયોજન વિચારી રહ્યાં છીએ. ત્યાર બાદ હાઉસીની રમત તો ખરી જ. હાઉસીની રમત રમ્યા પછી આપણે સૌ ભોજનનો આસ્વાદ માણીને કાર્યક્રમ પૂરો થયેલો જાહેર કરીશું.

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

**અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.**

(1) **વડીલોના બહુમાન માટે નામ નોંધાવવા :**

**તા.** 25-5-2022 **થી** 31-5-2022 **દરમિયાન સાંજે** 6-00 **થી** 9-00

**શ્રી રાજેન્દ્રભાઈ કે. શાહ** (M) 98988 27398

(2) **કાર્યક્રમ માટે નામ નોંધાવવા :**

**તા.** 3-6-2022 **થી તા.** 5-6-2022 **દરમિયાન સાંજે** 6-00 **થી** 9-00

**શ્રી કંદર્પ વિનોદચંદ્ર પરીખ** (M) 94284 13065

**શ્રી સમીર એચ. પરીખ** (M) 98980 37704

**– શરદભાઈ જે. પરીખ,**
**મંત્રી**

## વાયડ સંઘ દરમિયાન રસોડુ

કોરોના કાળના બે વર્ષના લાંબા અંતરાલ બાદ આ વર્ષે વાયડ સંઘનું આયોજન કરવામાં આવેલ. ગત બે વર્ષ દરમિયાન વાયડ મુકામે રસોડા તથા રૂમની સફાઈ ન થઈ હોવાથી ગાંધીનગરથી શ્રી દીગીશભાઈ પરીખ તા. 30-3-2022 થી વાયડા મુકામે રોકાણ કરી જાત દેખરેખ નીચે સમગ્ર રસોડા, વાસણ અને રૂમની સાફસફાઈ કરાવી હતી. આ સાથે સંઘ પહેલાની બધી પૂર્વ તૈયારી તેમને કરાવી હતી.

સંઘ દરમિયાન મારી સાથે રસોડાની વ્યવસ્થાની કામગીરીમાં દીગીશ પરીખ, ધીરેન પરીખ, રાજેશ શાહ, દિગંત પરીખ અને અમરીષ પરીખનો સુંદર સહયોગ પ્રદાન કર્યો હતો. ભોજન દરમિયાન રાખવામાં આવેલ ટોકન પદ્ધતિનું સંચાલન રાજેશ બી. શાહે કરેલ.

આ વર્ષે સંઘ દરમિયાન કુલ 2600 જ્ઞાતિજનોએ પ્રસાદનો આનંદ માણ્યો હતો. ચા નાસ્તામાં ચવાણા, ગોબાપુરી તથા ગરમ નાસ્તામાં ઉપમા – ચટણી અને બટાકા પૌંઆનો સમાવેશ કરેલ. જમણ દરમિયાન પાટણ–ભૂજ–વડોદરા તથા અમદાવાદના ભાઈ–બહેનોનો પિરસવામાં સુંદર સહયોગના કારણે જ્ઞાતિજનોને પ્રસાદનો લાભ લેવામાં બિલકુલ તકલીફ પડી ન હતી તથા પ્રસાદનો બગાડ પણ થયો ન હતો.

**– ચેતન આર. પરીખ**

**સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.**

સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.

## વાયડની મારી યાદો

ચૈત્ર સુદ નવરાત્રિ એટલે માતાજીની આરાધના અને પૂજન અર્ચનાની નવરાત્રિ. ચૈત્ર મહિનો આવે એટલે વાયડ જવા માટે ઉંમગ ઉભરી આવે. નાનાથી લઈને વડીલ સુધી માતાજીના ચરણોમાં ભક્તિ કરે. છેલ્લા બે વર્ષથી કોરોના વાયરસને કારણે પ્રતિબંધોને લીધે માતાજીનો આ સંઘ આયોજિત ન હોતો થઈ શક્યો, પરંતુ માતાજીના હોમ હવનનું રાબેતા મુજબ આયોજન થતું હતું.

હવે જ્યારે સરકારશ્રીના પ્રયત્નોથી કોરોના વેક્સીનેશનને કારણે કોરોના વાયરસ લગભગ નહિવત્ થતાં આ વર્ષે માતાજીના સંઘનું આયોજન કરવામાં આવેલું હતું, જેમાં ખૂબ જ સારી સંખ્યામાં ભાવિક ભક્તો હાજર રહ્યાં હતાં. માતાજીના મંદિરને ફૂલોની હારમાળા તથા પ્રાંગણને નયનરમ્ય રંગોળીથી સુશોભિત કરવામાં આવ્યું હતું. છઠના દિવસે માતાજીનો નવચંડી હવન ખૂબ ભક્તિપૂર્વક યોજાયો જેનું શ્રી વાયડ સંસ્થાન દ્વારા જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જે ૨.૫ હજારથી પણ વધારે લોકો દ્વારા નિહાળવામાં આવ્યું હતું. આ હવન દરમિયાન માતાજીની આઠમની પાલખી યાત્રા માટેની ઉછામણીમાં ભાવિકભક્તોએ આનંદપૂર્વક ભાગ લીધેલ હતો. છઠ અને સાતમની રાતના બાળકો, મહિલાઓ અને યુવાનો દ્વારા ગરબા કરી માતાજીની આરાધના કરવામાં આવી હતી.

સાતમના દિવસે વડોદરા સંઘના કાર્યકરો દ્વારા વાયડના નાના ભૂલકાઓ માટે કોથળા દોડ, સંગીત ખુરશી વગેરે જેવી રમતો રમાડી તેના વિજેતાઓને ઈનામ વિતરણનું આયોજન કરવામાં આવેલ હતું. રસોડા સમિતિ દ્વારા સવાર અને સાંજના ચા-નાસ્તા તથા બપોર અને રાતના મહાપ્રસાદની ખૂબ જ સરસ વ્યવસ્થા કરવામાં આવી હતી.

ચૈત્ર સુદ આઠમના દિવસે માતાજીની પાલખીયાત્રા યોજવામાં આવેલી હતી, જેમાં બેન્ડબાજાના તાલે સર્વે માઈભક્તો માતાજીની ભક્તિમાં તલ્લીન થઈ ગયા હતાં. પાલખીયાત્રા પૂર્ણ થતાં માતાજીના દર્શન કરી, મહાપ્રસાદ લઈ સર્વે લોકોએ પોતપોતાના ગંતવ્ય સ્થાને જવા પ્રસ્થાન કર્યું. માતાજીના દર્શનમાત્રથી સૌના મન પાવન થઈ ગયાં હતાં. આવતા વર્ષે ફરીથી દર્શન કરવાની મહેચ્છા સાથે બધાં ઘરે પહોંચ્યા હતા.

વાયડ માતાકી જય

– મેહુલ શાહ, માંડવી, કચ્છ

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## વાયડ સંઘ ૨૦૨૨ ફોટો ગેલેરી








ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.







શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ગો.વા. જમનાવતીબહેન તથા ગો.વા. કાંતિલાલ ચીમનલાલ પરીખ(કડી) પરિવારનાં જય શ્રી કૃષ્ણ.









નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## વિશા વાયડા વણિક પંચ ભરુચ - પ્રાણ પ્રતિષ્ઠા ૨૦૨૨





વિશા વાયડા વણિક પંચ ભરુચ - માનદ્ ટ્રસ્ટીશ્રીઓ



સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ-મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## વાયડ ટ્રાવેલ્સ ફંડ, અમદાવાદ

તા. 5-4-2022ના રોજ લક્ઝરી એ.સી. બસ દ્વારા 28 જ્ઞાતિજન વાયડ જવા માટે નીકળ્યા. દરેક જ્ઞાતિજન પાસે 800/- રૂપિયા ચાર્જ લેવામાં આવ્યો હતો. મહેસાણા પાસે રાધે હોટલમાં ઉમાકાન્ત જે. પરીખ તરફથી ચા–નાસ્તા માટે રૂ ૧૨૦૦/– મળેલ હતાં. ત્યાંથી સીધા વાયડ મુકામે પહોંચ્યાં. દર રોજ સવારે અને રાત્રે વાયડ ટ્રાવેલ્સ ફંડ તરફથી ચા આપવામાં આવી હતી. ધર્મશાળામાં નાસ્તો આપવામાં આવ્યો હતો. તા. 9-4-2022ના રોજ વાયડથી અમદાવાદ બસ રવાના થઈ ત્યાં મહેસાણા પાસે જનપથ ઉપર કીર્તીદાબહેન પરીખ તરફથી આઈસ્ક્રીમ તથા લસ્સી માટે રૂ. ૧૯૦૦/– આપવામાં આવ્યાં હતાં.

વિપુલભાઈ જે પરીખ તરફથી વાયડ ટ્રાવેલ્સ ફંડને 25,000/- નું ડોનેશન આપવામાં આવ્યું હતું જે અત્યાર સુધીનું સૌથી વધારે ડોનેશન હતું.

વાયડમાં વાયડ ટ્રાવેલ્સ ફંડ ના કામમાં મદદ કરવા માટે સુનીલભાઈ, કિરણભાઈ, નાનુભાઈ, હરીશભાઈ, પીયુષભાઈ, નીતાબહેન, સરલાબહેનનો આભાર

### -- વાયડ ટ્રાવેલ્સ ફંડને મળેલ ભેટ --

| | |
|---|---|
| ૨૫,૦૦૦/– | સ્વ. જયંતિભાઈ બી. પરીખ, હ. વિપુલભાઈ |
| ૧,૦૦૦/– | સ્વ. સરોજબેન એન. શાહ |
| ૫૦૦/– | રોમાબેન વિજેષભાઈ શાહ |
| ૧,૦૦૦/– | સુનિલભાઈ એ. શાહ |
| ૫૦૦/– | લીનાબેન એન. શાહ |
| ૫૦૦/– | સ્વ. દિનેશભાઈ બી. પરીખ |
| ૫૦૦/– | ચંદ્રિલભાઈ એન. શાહ |
| ૫૦૦/– | સ્વ. દિતિનભાઈ જી. શાહના સ્મરણાર્થે |
| ૫૦૦/– | સ્વ. રક્ષાબેન એન. શાહના સ્મરણાર્થે |
| ૫૦૦/– | સ્વ. હીરાબેન એન. શાહના સ્મરણાર્થે |
| ૫૦૦/– | સ્વ. ચંદ્રેશભાઈ પરીખના સ્મરણાર્થે હ. દીનાબેન તરફથી |
| ૫૦૦/– | વિનુભાઈ બી. પરીખની વર્ષગાંઠ (ચૈત્ર સુદ –૬) |
| ૫૦૦/– | નિરવ વિનુભાઈ પરીખ વર્ષગાંઠ (ચૈત્ર સુદ – ૬) |

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

| | |
|---|---|
| ૧,૦૦૦/– | કોકીલાબેન જે. પરીખ |
| ૫૦૦/– | વિરાગ નરેશભાઈ શાહ |
| ૫૦૦/– | ઈલાબેન ભાસ્કરભાઈ |
| ૫૦૦/– | સ્વ. ચંદ્રકભાઈ કે. પરીખના સ્મરણાર્થે |
| ૫૦૦/– | સ્વ. નયનભાઈ એન. શાહના સ્મરણાર્થે |
| ૫૦૦/– | સ્વ. ભાઈલાલભાઈ શાહના સ્મરણાર્થે |
| ૫૦૦/– | સુભાષભાઈ એમ. શાહ |
| ૫૦૦/– | પિયુષભાઈ એમ. શાહ |
| ૫૦૦/– | ડો. સુકુમારભાઈ શાહ |
| ૫૦૦/– | સ્વ. વસ્તુમતીબેન જે. શાહના સ્મરણાર્થે, હ. રાજેશભાઈ જે. શાહ |
| ૫૦૦/– | સ્વ. જમનાદાસ બી. શાહના સ્મરણાર્થે, હ. રાજેશભાઈ જે. શાહ |
| ૫૦૦/– | સ્વ. ચંદનબેન બી. શાહના સ્મરણાર્થે, હ. રાજેશભાઈ જે. શાહ |

– **નાનુભાઈ શાહ**

## પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળ

બે વર્ષના અંતરાય બાદ સંઘના આયોજન માટે પાટણ દ.વા.વ.જ્ઞાતિની ધર્મશાળા તથા વોશ એરિયાની સફાઈની કામગીરી માટે દિગીશ પરીખ, દિગંત પરીખ તથા અમરીષ પરીખ સંઘ પહેલા વાયડ મુકામે જઈ સમગ્ર ધર્મશાળા તથા વોશ એરિયાની સફાઈ કરાવી તથા ધર્મશાળાના એ. સી. હોલના ધાબામાં પાણી ભરાવાથી હોલમાં લીકેજ થવાથી ફોલ સીલીંગ પંખા વગેરેને નુકસાન થયેલ. સંઘના પંદર દિવસ પહેલા તુષાર જે. શાહ તથા અભી તુષાર શાહના માર્ગદર્શન હેઠળ હોલ રીપેર કરાવી, કલર કરાવી અને ધાબા ઉપર વોટર પ્રુફીંગ કરાવેલ હતું.

આ સમગ્ર કામગીરી માટે તુષાર શાહ, અભી શાહ, દિગીશ પરીખ, દિગંત પરીખ અને અમરીષ પરીખનો જ્ઞાતિજન આભાર માને છે.

| | | |
|---|---|---|
| ચેતન ર. પરીખ<br>મંત્રી, પાટણ દ.વા.વ. જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળ | હરેશ પરીખ<br>પ્રમુખ, ઉત્કર્ષ મંડળ | ડૉ. રોહિત જે. શાહ<br>પ્રમુખ, પાટણ દ.વા.વ. જ્ઞાતિ |

વેલજી ભીમજી પરિવાર (કચ્છ) – મુંબઈના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ જે. મરચન્ટ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

# પાટણથી વાયડ પગપાળા સંઘ

પાંચમને તારીખ 6-4-2022, બુધવારે સવારે 4-30 કલાકે પાટણથી વાયડના પગપાળા સંઘનું અશોકભાઈ રસિકલાલ પરીખે સંઘની સાથે રહી પાટણના બજારમાં પીપળાશેરને નાકેથી પ્રસ્થાન કરાવ્યું. આ સંઘમાં 53 યાત્રી જોડાએલ. જેમા 1 પાલનપુરથી, 1 કડીથી, 2 ગાંધીનગરથી, 3 ભુજથી અને 10 યાત્રી અમદાવાદથી આવેલ. સંઘમાં શ્રી માતાજીનો રથ તેમ જ સેવા તથા સગવડ માટે બે રીક્ષા અને બે કાર (ગાડી) પણ રાખેલ. આ ઉપરાંત યાત્રીઓની પણ ત્રણ કાર હતી તે પણ સંઘની સાથે જ રહેતી હતી. એક રીક્ષામાં મહેશભાઈ, એક રીક્ષામાં નૈનેશભાઈ અને એક કારમાં દિગ્નેશભાઈ પાણીની સેવા આપતાં હતાં. પ્રશાંતભાઈ અને વર્ષાબેન તેમની કાર દ્વારા O.R.S. અને જરૂરી દવાઓ આપતા હતાં. કોઈ યાત્રીને થાક લાગે તો કોઈ પણ રીક્ષા કે કારમાં બેસી જતા. પરાગભાઈ અને અશોકભાઈએ સંઘનું માર્ગદર્શન કર્યું હતું. પહેલો વિસામો બાલુવાના પંચાલ દશરથભાઈના ખેતરે કાંસા રોડ પર કરેલ. દર સાલની માફક આ વખતે પણ દશરથભાઈએ તેમના તરફથી ચા કોફી તૈયાર રાખેલ. સંઘમાં બિસ્કીટ સાથે ગરમ ચા કોફીનો સવારનો નાસ્તો દરેક યાત્રી અને ડ્રાઈવરોએ કરેલ. પછી દિગ્નેશભાઈ અને હર્ષદભાઈ તરફથી જલેબી, ગાંઠીયા અને ફરસીપુરીનો નાસ્તો કરાવવામાં આવેલ. લગભગ 7-15 કલાકે સંઘને વાયડ તરફ પ્રયાણ કરાવી અશોકભાઈ, પરાગભાઈ અને તીરથ પરાગભાઈની ગાડીમા પાટણ આવવા નીકળી ગયેલ.

રસ્તામા નાયતા બસ સ્ટેન્ડ પાસે સ્વ. ઈન્દ્રવદનભાઈ રણછોડભાઈ પરીખના સ્મરણાર્થે પ્રફુલ્લાબેન તરફથી યાત્રીઓને ઠંડા પીણા આપવામાં આવેલ. તેમ જ મેલુસણ ગામે રોડ ઉપર જયવીર જ્વેલર્સવાળા કિશનભાઈ રસિકલાલ પંચાલ તરફથી શેરડીના તાજા રસથી યાત્રીઓની તથા વાહન ચાલકોની તરસ છીપાવવામાં આવેલ. લગભગ 10 વાગે સંઘ વાયડ બસ સ્ટેન્ડ પાસે પહોંચી ગયેલ. વાયડના સરપંચ તરફથી બસ સ્ટેન્ડ પર બેસવાની વ્યવસ્થા કરવામાં આવેલ તેમ જ ઠંડુ સરબત આપવામાં આવેલ.

મથરાદાસ મોતીચંદ શાહ અને પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

જેઠાલાલ કલ્યાણજી પરિવાર, ભૂજ ના જય શ્રી કૃષ્ણ.

બસ સ્ટેન્ડથી નાચતા ગાતા શ્રી માતાજીની સ્તુતી કરતાં કરતાં લગભગ ૧૧.૦૦ વાગ્યે સંઘ મંદિરે પહોચી ગયેલ. કૌશિકભાઈ પંચાલ અને હરેશભાઈ પંચાલ તરફથી સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. મંદિરના કમ્પાઉન્ડમાં હર્ષોલ્લાસથી ગરબા ગાઈ શ્રી માતાજીને પ્રસાદ ધરાવીને આનંદ અને શ્રદ્ધા પૂર્વક દર્શન કરી ધન્યતા અનુભવેલ.

**– અશોકભાઈ પરીખ (પાટણ)**

## માંડવી સમાજ – અહેવાલ

તા. 7-4-2022 ગુરુવાર, ચૈત્ર સુદ–6 ની ઉજવણી શ્રી હરગોવિંદભાઈ જશરાજભાઈ શાહનાં પ્રાંગણમાં કરવામાં આવેલ.

આ પ્રસંગે યજ્ઞવેદી પર પૂજા કરવા શ્રી નરેન્દ્રભાઈ હીરાલાલ શાહ તથા તેમનાં ધર્મપત્નિ શ્રીમતિ હસુમતિબેન નરેન્દ્રભાઈ શાહ બેઠેલા હતા.

આ શુભ પ્રસંગે માંડવીના શ્રી નીતિનભાઈ ભગવાનલાલ શાહનાં સુપુત્ર ચિ. રાજ નિતીનભાઈ કે તેઓ MBAની ડિગ્રી પ્રાપ્ત કરી માંડવી સિવિલ હોસ્પિટલમાં પોતાની ફરજ બજાવે છે તેમનું માંડવી જ્ઞાતિવતી શ્રી પરિમલભાઈ હરગોવિંદભાઈએ સાલ ઓઢાડી, બૂકે આપી સન્માન કર્યુ તથા શ્રી હરીશભાઈ જેઠાલાલ શાહે તેમને બૂકે આપી સન્માન કર્યું.

જ્ઞાતિનાં બધા ભાઈ–બહેનોએ તેમને તાળીઓનાં ગડગડાટ સાથે વધાવ્યા અને તેમને હાર્દિક શુભેચ્છાઓ આપી. જવાબમાં શ્રી રાજભાઈએ કહ્યું કે તેઓ જ્ઞાતિ માટે હાજર રહી તેમની પૂરેપૂરી ફરજ બજાવશે.

ત્યારબાદ બધાની મનપસંદ ગેમ હાઉસી રમ્યા અને ખૂબ આનંદ માણ્યો. લોકડાઉન બાદ બધા પહેલીવાર સાથે મળ્યા હતાં એટલે સૌ આનંદમાં હતાં. ત્યાર બાદ બધાએ મહાપ્રસાદ લીધો અને રાજભાઈના આઈસ્ક્રીમને ન્યાય આપી જય શ્રી કૃષ્ણ કરી છૂટા પડ્યા.

**– પરીમલ એચ. શાહ, પ્રમુખ, માંડવી સમાજ,**
**મો. 98252 35818**

સ્વ. જયાબહેન જેઠાલાલ ખેંગાર શાહ, મુલુન્ડ, મુંબઈ પરિવારના જય શ્રી કૃષ્ણ.

**વડોદરા વાયડા જ્ઞાતિની, વાયડ ખાતે પૂર્ણ થયેલ ચોકીનો**

**વાયડ સંસ્થાનના પ્રાંગણમાં યોજાયેલ ઉદ્‌ઘાટન સમારંભનો અહેવાલ**

વાયડ ખાતે, વડોદરા વાયડા જ્ઞાતિના જ્ઞાતિજનોને હંમેશા તેમનાં વાયડ ખાતેના રોકાણ અંગેની ચોકીની ભૌતિક હાલતને લીધે ઘણી અસુવિધા પડતી હતી, જેથી વડોદરાના જ્ઞાતિજનો વચ્ચે અવારનવાર આ અંગે ચર્ચા-વિચારણા થતી રહેતી હતી અને આખરે 2019ના અંતમાં ચોકીના પુનઃનિર્માણ માટેના તમામ નિર્ણયો સાકાર થયા. જેમાં સી.એ. અતુલભાઈ પરીખ અને હર્ષદભાઈ શ્રોફના માર્ગદર્શન હેઠળ વડોદરા સમસ્ત વાયડા જ્ઞાતિના ઐક્યના ઉદાહરણરૂપે જ્ઞાતિજનો દ્વારા ફંડ એકઠું થયું જેમાં મુખ્યત્વે અમેરિકા સ્થિત ધીરેનભાઈ શાહ (પ્રફુલભાઈ કિરણભાઈ જયંતભાઈ હરીશભાઈ ભરતભાઈ અને પરિવાર), બંદિશ રંગવાલા અને સાકરલાલ શાહ પરિવારનું મોટું યોગદાન મળેલ છે. તારીખ 20-1-2020ના રોજ ચોકીનું સમારકામ-નવનિર્માણ શરૂ થયું.

જે પણ જ્ઞાતિજનોએ આ ચોકીના નવનિર્માણ માટે પોતાનો યથાશક્તિ ફાળો આપેલ છે તે સૌ જ્ઞાતિજનોનો વડોદરા વાયડા જ્ઞાતિની મેનેજમેન્ટ કમિટી તરફથી આભાર માનીએ છીએ.

આ અંગે આપણી જ્ઞાતિના તુષારભાઈ શાહ, પાટણના આર્કિટેક્ટ તેમના પુત્ર અભી શાહ અને માર્ગી પટેલનો પણ ખૂબ જ આભાર માને છે, શ્રી તુષારભાઈ શાહની નિઃસ્વાર્થ માનદ્ સેવા માટે વડોદરા જ્ઞાતિ તેમનો ખૂબ ખૂબ આભાર માને છે. તેમનું સતત ધ્યાન, માર્ગદર્શન અને હાજરી વિના આ કામ સંભવ જ ન હતું. આ અંગે ખૂબ જ આનંદ સાથે સૌને જણાવવાનું કે વાયડ મુકામે વડોદરા જ્ઞાતિની ચોકીનું ઉદ્‌ઘાટન તારીખ 7-4-2022 ના રોજ સવારે 11-00 વાગે વાયડ સંઘ દરમિયાન તેનું વડોદરા વાયડા જ્ઞાતિના આપણા સૌ માનનીય અગ્રણીઓ, સૌ જ્ઞાતિજનો, શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટના માનનીય પ્રમુખ શ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ અને શ્રી વાયડ સંસ્થાનના માનનીય પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વાયડ ગામના અગ્રણીઓ, સરપંચ શ્રી આ તમામની હાજરીમાં, દીપ પ્રાગટ્ય દ્વારા ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઈ હતી.

વડોદરા વાયડા જ્ઞાતિના અગ્રણીઓ શ્રી બંદિશભાઈ રંગવાલા, શ્રી અરૂણભાઈ રંગવાલા, કશ્યપભાઈ શ્રોફ, શ્રી કૃષ્ણકાંતભાઈ શાહ, અક્ષય શાહ, સેવા ટ્રસ્ટના

પ્રમુખ શ્રી શશાંકભાઈ, સંસ્થાનના પ્રમુખશ્રી રમેન્દ્રભાઈ, ઉપપ્રમુખશ્રીઓ સુનીલભાઈ તથા ધીરેનભાઈ, જ્ઞાતિના લેખક શ્રી હિમાંશુભાઈ શાહ, વાયડગામના અગ્રણીઓ, સરપંચશ્રી સૌની ઉપસ્થિતિમાં વડોદરા જ્ઞાતિના અગ્રણીઓ શ્રી કિરણભાઈ શાહ અને શ્રી અતુલભાઈ પરીખ અમેરિકામાં હોવાથી ઉપસ્થિ રહ્યાં ન હતા અને શ્રી હર્ષદભાઈ શ્રોફ વ્યસ્તતાને કારણે હાજર ન હતાં.

નવનિર્મિત વાયડ ખાતે વડોદરા ચોકીના બાંધકામને માતાજીના ખૂબ ખૂબ આશીર્વાદ મળે તે જ અભ્યર્થના. હરીશ શાહે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરી સ્વલિખિત છંદોક્ત માતાજીની સ્તુતિથી વાતાવરણને આધ્યાત્મિક બનાવી દીધું હતું. સૌ મહાનુભાવોએ શુભેચ્છાઓ પાઠવી દીપ પ્રાગટ્ય દ્વારા ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન કરી હતી.

ફરી એક વાર વાયડ સંસ્થાન મેનેજીંગ કમિટી, સમસ્ત જ્ઞાતિ પ્રમુખ, વડોદરા જ્ઞાતિની મેનેજમેન્ટ કમિટી સૌ જ્ઞાતિજનોનો અંતઃકરણપૂર્વક આભાર માની છે.

**– કિરણભાઈ શાહ, કશ્યપભાઈ શ્રોફ, હરીશભાઈ શાહ**
**વડોદરા વાયડા જ્ઞાતિ**

## શ્રીજી મહિલા મંડળ, ભૂજ–કચ્છ

તાજેતરમાં શ્રીજી મહિલા મંડળ દ્વારા ધોરણ ૫ થી કોલેજ સુધીનાં જ્ઞાતિનાં બાળકો માટે શુભેચ્છા આપતા દીપ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં જ્ઞાતિનાં ૨૫ બાળકો જોડાયા હતાં. ગાયત્રી પરિવારના કલ્પનાબેન અને દિવ્યાબેને આ જ્ઞાનયજ્ઞ વિધિપૂર્વક સંપન્ન કરાવ્યો હતો. આ તબક્કે જ્ઞાતિજનો તરફથી બાળકોને ચોકલેટ, બોલપેન, આસન તથા રોકડ ભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે મંડળના પ્રમુખ માધવીબેન શાહ, કોષાધ્યક્ષ જ્યોતિબેન શાહ, સહકોષાધ્યક્ષ પ્રીતિબેન શાહ, સલાહકાર વર્ષાબેન શાહે જહેમત ઉઠાવી હતી. ભારતીબેન, પ્રિયાબેન, રૂપાબેનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. મંડળનાં અન્ય સદસ્યો તથા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

## વિશા વાયડા વણિક પંચ, ભરૂચ
## વાયડ માતાજીનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ભરૂચમાં આવેલ એકસો કરતાં પણ વધુ વર્ષ જૂના વાયુદેવતાજી મંદિરનો જીર્ણોદ્ધાર કરી વાયડ માતાજીના સંગેમરમરના અલૌકિક સ્વરૂપનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ચૈત્ર સુદ 15 અને ચૈત્ર વદ 1 તા. 16-4-22 અને તા. 17-4-22ના દબદબાભરી રીતે ઉજવાઈ ગયો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભાવિકો પધાર્યા હતાં.

બે દિવસીય પ્રતિષ્ઠાયાગ અંગીભૂતમાં તા. 15-4-22ના રોજ કુટીરહોમ કરવામાં આવ્યો હતો.

પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે તા. 16-4-22ના રોજ 12-30 વાગે અભિજિત મુહૂર્તમાં મંદિરની વાસ્તૂપૂજા કરવામાં આવી હતી. ઉત્સવ મંડપમાં વિશાળ હવનકુંડ રચવામાં આવ્યો હતો. તેને ફરતે દેવીદેવતાઓની સ્થાપના કરવામાં આવી હતી. વાસ્તુપૂજનની વિધિ વૈભવભાઈ મહેન્દ્રભાઈ ચોકસી અને તમન્ના વૈભવ ચોકસી દ્વારા *સંપન્ન* થઈ હતી.

બપોરે 4-00 વાગે જલાધિવાસ કરવામાં આવ્યો હતો. જેમાં તીર્થોના જળનું આહ્‌વાન કરીને જળમાં ઘીની આહુતિ આપવામાં આવી હતી. વાયડ માતાજી અને દેવકીજીની મૂર્તિ નવી બનાવવામાં આવી છે. ત્યાર બાદ સાયંપૂજા કરવામાં આવી હતી.

નવા ડેરા ખાતે માતાજીના સાંનિધ્યમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન થયું હતું. આ અદભૂત કાર્યક્રમમાં સાક્ષી બનવાનો આનંદ જ્ઞાતિજનોના ચહેરા પર દેખાતો હતો આ અનેરા પર્વની ઉજવણીનો ઉત્સાહ અને ઉમંગ ચરમસીમા પર હતો. તા. 17-4-22 નો દિવસ પ્રાણપ્રતિષ્ઠાનો મહત્ત્વનો દિવસ હતો. સવારે 11:00 વાગે મહાસ્નપન વિધિ કરવામાં આવી હતી જેમાં 108 કુલડીમાં જુદી જુદી ઔષધિઓ ઉપરાંત પંચરત્ન, પંચધાતુ, ફળોનો રસ, સમુદ્રનું ફીણ, લીલા નાળિયેરનું પાણી (ગર્ભોદક), કષાય રસ, મધ, ગાયનું છાણ, ચંદન, માટી વગેરે પદાર્થો મુકવામાં આવ્યાં હતાં. વિશા વાયડા વણિક પંચની વાડીથી મંદિર સુધીના 80 ફૂટનાં અંતર સુધી મહાઅભિષેક કરવામાં આવ્યો હતો. મહાસ્નપન વિધિથી

મૂર્તિમાં તેજ આવે છે. ચારેય વેદોના પારંગત બાર બ્રાહ્મણોએ મંત્રોચ્ચાર દ્વારા વિધિસર આહવાન કરાવ્યું હતું. વાતાવરણ આ સમયે પવિત્ર બની ગયું હતું. પ્રતિષ્ઠાયાગનું આ મુખ્ય અંગ હતું. દરેક કુલડી પાછળ જ્ઞાતિના ભાઈઓ અને બહેનોએ ભાગ લઈ આ પ્રસંગને ચાર ચાંદ લગાવી દીધા હતાં. આ દૃશ્ય મનોરમ્ય હતું.

ત્યાર બાદ બપોરે શય્યાધિવાસ અને ધાન્યાધિવાસની પૂજા કરવામાં આવી હતી. શય્યાધિવાસ એટલે ભગવાનને એક દિવસ શયન કરાવવાની વિધિ. ત્યારબાદ ભગવાન કાયમ માટે આપણી રક્ષા કરે છે. ધાન્યાધિવાસમાં ભગવાનને જુદા જુદા ધાન્ય(અનાજ) પર સૂવાડવામાં આવે છે. વાયડ માતાજીને તુવેરની દાળ, દેવકીજીને ચોખા અને કૃષ્ણ તથા બળદેવજીને ઘઉમાં શયન કરાવવામાં આવ્યું હતું. આ વિધિ પ્રાણપ્રતિષ્ઠાનો એક ભાગ છે. જેનો હેતુ જ્ઞાતિજનોના જીવનને ધન્ય બનાવવાનો છે.

4-00 વાગે જયપુરમાં બનાવેલી નવી સંગેમરમરની માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી હતી. વાયડ માતાજીના રંગબેરંગી વસ્ત્રો અને ચાંદીના આભૂષણોથી સજ્જ હતાં. ચાંદીના મુગટ, છત્રી, માળા, નંદી દરેકનું યોગ્ય ઝીણવટપૂર્વક આયોજન કરી પૂજા કરવામાં આવી હતી. માતાજીનું સ્વરૂપ ધ્યાનાકર્ષક હતું.

સાંજે 6-00 વાગે યજ્ઞમાં શ્રીફળ હોમાયું હતું. હવનમાં સાત દંપતિ બેઠા હતાં. બ્રાહ્મણોએ વૈદિક મંત્રોચ્ચાર કરી વિધિવત્ માતાજીનું સ્થાપન મંદિરમાં કરાવ્યું હતું. આ સમયે મહાઆરતી થઈ હતી. ઘંટનાદનો ગુંજારવ હવામાં ફેલાતો હતો. ફટાકડા ફોડીને આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો. બપોરના સમયે માતાજીના ગરબા મહિલા મંડળની બહેનોએ ગાયા હતાં. આ સમયે લોકો ભક્તિરસમાં લીન થઈ નાચી ઉઠ્યા હતા.

સાંજે 7-00 વાગે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમયે 450 ભક્તો ઉપસ્થિત હતાં.

આ યજ્ઞનું અગત્યનું પાસું અરણ્યમંથન દ્વારા અગ્નિ પ્રકટ કરવામાં આવ્યો હતો તે છે. અરણીના લાકડા પર આંબાના લાકડાને મૂકીને માખણ વલોવતા હોઈએ તેમ વલોવીને અગ્નિસૂક્ત મંત્રો બોલીને અગ્નિ પ્રકટાવવામાં આવે છે.

એમ.જે.નગરશેઠ (અમેરિકા) ના જય શ્રી કૃષ્ણ

અરણીનું લાકડું ઔરંગાબાદ મહારાષ્ટ્રમાંથી મંગાવવામાં આવ્યું હતું. બે દિવસમાં વીસ હજાર કરતાં વધુ આહુતિ આપવામાં આવી હતી. જ્ઞાતિના ગોર શ્રી યોગેશભાઈ જોષી તેમ જ કર્મના આચાર્ય શ્રી કૌશલભાઈ જોષીએ શાસ્રોક્ત વિધિ સુંદર રીતે કરી હતી.

વાયુદેવતાનું નવું મંદિર તૈયાર કરવામાં આઠ માસનો સમય લાગ્યો હતો આ દરમિયાન મંદિરની મૂર્તિઓને વિધિવત યોગ્ય જગ્યાએ ખસેડવામાં આવી હતી અને રોજ શાસ્રોક્ત પૂજા કરવામાં આવતી હતી.

આ મહોત્સવમાં ભાગ લેવા માટે અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈથી જ્ઞાતિજનો આવ્યા હતાં. 60 જેટલા જ્ઞાતિજનો અન્ય શહેરોમાંથી આવ્યા હતાં અને કાર્યક્રમની શોભા વધારી હતી. આ કાર્યક્રમમાં 85 વર્ષનાં શ્રી યશોવર્મા કાકાએ વ્હીલચેર પર બેસી ભાગ લીધો હતો અને ભાવવિભોર થઈ ગયા હતાં. પ્રભાબહેન પટની પણ ૯૫ વર્ષની ઉંમરે વ્હીલચેરમાં આવ્યા હતાં. પ્રભાબહેન ૧૬મીની સાંજના પ્રસાદીના મનોરથી હતાં. બંને વડીલોની માતાજી પ્રત્યે અખૂટ શ્રધ્ધા આપણા સૌ માટે પ્રેરણાદાયી છે.

છેલ્લા છ માસથી વાયડામિત્રમાં પ્રતિષ્ઠા અંગેની માહિતી તેમ જ દાન માટેની અપીલ પ્રસિદ્ધ થતી હતી જેનો સારો પ્રતિસાદ મળ્યો હતો. જ્ઞાતિના કાર્યકર્તાઓએ ખૂબ મહેનત કરી હતી તેમ જ વાડીની નજીકની શેરીઓમાં રહેતા યુવાનોએ પણ બે દિવસ ખૂબ સારી સેવા આપી હતી.

પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના સમારંભની યાદગીરીરૂપે ચાંદીના પતરા પર શોભતી ફ્રેમીંગ કરેલી લંબચોરસ માતાજીની સ્તુતિ સહિતની મૂર્તિ ભેટ આપવામાં આવી હતી. કુલ 175 નંગ ભેટ તરીકે આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેન્દ્રભાઈ ચોકસી, વૈભવભાઈ ચોકસી, વિપુલભાઈ દલાલ, હેમંતભાઈ મારફતીયા, આસીતભાઈ તોલાટ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી. ભરૂચ વિશા વાયડા વણિક પંચે તમામ દાતાઓને તેમ જ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ સૌના જીવનનું એક સંભારણું બની રહેશે એ નિશ્ચિત છે.

– હિમાંશુ શાહ, પૂર્વ મંત્રી – વાયડામિત્ર,
(M) 9429067890

# અનુકરણીય



જગતનું શ્રેષ્ઠ દાન કયું ? અન્નદાન

જગતનો શ્રેષ્ઠ આનંદ કયો ? ભોજનાનંદ

આ ઉક્તિને સાર્થક કરતાં આપણી જ્ઞાતિના અમદાવાદના શ્રી વિપુલભાઈ જયંતિભાઈ પરીખ તેમ જ શ્રી માધવીબહેન વિપુલભાઈ પરીખ તરફથી તેમના માતા - પિતા સ્વ. શ્રી જયંતિભાઈ બાલુભાઈ પરીખ તથા સ્વ. શ્રી મેનાબહેન જયંતિભાઈ પરીખની સ્મૃતિમાં ચાલુ વર્ષે 2022 માં શ્રી વાયડ રસોડા ટ્રસ્ટને **રૂ. ૪,૦૧,૦૦૦/- નું** માતબર દાન મળ્યું છે.

સ્વ. જયંતિભાઈ વર્ષો સુધી નિયમિત રીતે વાયડસંઘમાં ભાગ લેતાં હતાં. વાયડ માટે તેમને ખૂબ જ પ્રેમ હતો અને તેઓ માતાજીના ભક્ત હતા. તેમની આ લાગણીને અનુસરીને શ્રી વિપુલભાઈ તેમ જ શ્રી માધવીબહેને વાયડ ખાતે આ અનુદાન આપ્યું છે.

આ ઉપરાંત આ વર્ષે 2022 માં જ વાયડ ટ્રાવેલ ફંડ (અમદાવાદ)માં **રૂ. ૨૫,૦૦૦/-** ભેટ આપ્યા છે.

આ પહેલાં તેઓએ ઓગસ્ટ, 2018 માં શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ 6 તથા મહાવદ 5 ચેરિટેબલ ટ્રસ્ટમાં **રૂ. ૨,૫૦,૦૦૦/-** નું દાન આપ્યું હતું તેમ જ શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ કેળવણી ફંડમાં **રૂ. ૨,૫૧,૦૦૦/-** નું દાન આપ્યું હતું.

શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ તેઓનો હૃદયથી આભાર માને છે અને પ્રભુ તેઓને વધુ અને વધુ સામાજિક કાર્યો કરવાની પ્રેરણા કરે તેવી પ્રાર્થના.

**- રમેન્દ્ર જે. પરીખ, પ્રમુખ**
**શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ**

## પાટણ વિશા વાયડા જ્ઞાતિ
## વાયડ સંઘ – એપ્રિલ ૨૦૨૨

વાયડ સંઘ ૨૦૧૯ પછી ત્રણ વર્ષના સમયગાળા બાદ ૫ એપ્રિલ થી ૯ એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન વાયડ સંસ્થા દ્વારા આયોજીત કરવામાં આવ્યો. સતત બે વર્ષ સંજોગોવશાત્ સંઘનું આયોજન થઈ શક્યું નહીં એટલે આ વર્ષે જ્ઞાતિજનોનો ઉત્સાહ પ્રમાણમાં સારો રહ્યો. સતત ત્રણ વર્ષ ધર્મશાળા બંધ રહેવાથી અંદર પુષ્કળ ધૂળ, ઝાડી ઝાંખરા ઉગવા તથા વરસાદનું પાણી દિવાલોમાં આવવાથી દિવાલોને નુકસાન થવા પામ્યું. આ બધા કારણોસર જ અમે સંઘના દિવસો પહેલાં ધર્મશાળાની સાફસફાઈ કરાવી લીધી જેમાં સારી એવી મહેનત પડી. જે માટે અમારા કાર્યકરોની ટીમ શ્રી વિજયભાઈ, મુકેશભાઈ ગાંધી, મિતુલ ગાંધી અને શ્રીમતી જીજ્ઞાબેન ગાંધીએ ખૂબ જહેમત ઉઠાવી બધું કામ પાર પાડ્યું. ઉપરાંત ત્રણ વર્ષથી પાણીની મોટરનો વપરાશ નહીં થવાથી જામ થઈ જવાથી શ્રી વિજયભાઈએ તાત્કાલીક નવી મોટરની વ્યવસ્થા કરી જેથી પાણીનો પ્રશ્ન ઉભો ના રહે. જે કામમાં કશ્યપભાઈ શ્રોફનો સહકાર પણ સારો મળ્યો.

ચૈત્ર સુદ – ૬ ના દિવસે સાંજે ૫–૦૦ વાગે પાટણી વીશા વાયડા જ્ઞાતિની ધર્મશાળામાં મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં ડો. કિશોરભાઈ ગાંધી, ડીસા દ્વારા પાટણ વીશા વાયડા જ્ઞાતિની પાટણમાં એક સ્થાવર મિલકત જે વર્ષોથી વણઉકેલી હતી તેનો ઉકેલ લાવવામાં ખૂબ મદદગાર બન્યા જેથી તેની આવેલ રકમ પાટણ વીશા વાયડા ધર્મશાળા તથા વાયુમંદિર પાટણના મેઈન્ટનેન્સ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે. જો કે ટ્રસ્ટના કાયદા પ્રમાણે તેનું વ્યાજ જ વાપરી શકાશે. અત્યાર સુધી વાયુમંદિરના ૨ હવન પલ્લીના પ્રસંગોમાં નાણાં ભીડ ઘણી રહેતી હતી જે હવે નહીં રહે. જો કે જ્ઞાતિના સભ્યો દરેક પ્રસંગે આગળ આવીને મદદરૂપ થયા જ છે. જે વિજયભાઈના પ્રયાસોને આભારી છે. વાયડ સંઘ દરમ્યાન ચૈત્ર સુદ – ૬ના હવનની જરૂરી વ્યવસ્થા વિજયભાઈ વરસોથી નિયમિત રીતે કરે જ છે અને વાયુમંદિર, પાટણ ખાતે હવન થાય છે. ડો. કિશોરભાઈ ગાંધીએ ટ્રસ્ટની મિલકતનું ઘણું અઘરૂં કામ પાર પાડ્યું તે બદલ તેમનું શાલ ઓઢાડી

યથોચિત સન્માન કરવામાં આવ્યું હતું. હવે નજીકના ભવિષ્યમાં પાટણ વીશા વાયડા સમિતિ દ્વારા રીનોવેશન કામ હાથ ધરવામાં આવશે. જેથી ધર્મશાળાને નવા રૂપરંગ આપી શકાય. સંઘ દરમ્યાન બધા દિવસો માતાજીના દર્શનનો અનેરો લાભ મળ્યો. રોજ રાત્રે ગરબા તથા લ્હાણીનું આયોજન પણ થતું હતું. ધર્મશાળામાં હાઉસીની રમતનો આનંદ પણ બધાએ લીધો. માતાજીની સાડીઓ પ્રસાદી તરીકે મામૂલી રકમમાં જ્ઞાતિજનોને આપવામાં આવી જેનો ઘણો લાભ જ્ઞાતિજનોએ લીધો.

સમગ્ર સંઘ દરમ્યાન રસોડાનો વહીવટ તથા રસોઈ ઉત્તમ રહ્યાં. જે રસોડાના વહીવટકર્તાઓને આભારી છે. સંઘ પરત જવાના દિવસે બધા જ્ઞાતિજનોને પ્રસાદીના લાડુ પણ આપવામાં આવેલા.

આમ આવેલ સૌ જ્ઞાતિજનોએ વાયડ માતાના ધામમાં આવી ભક્તિસભર આનંદ લીધો. ઘણા વખત પછી જ્ઞાતિજનો એકબીજાને મળી આનંદ અનુભવતા જોયા. મા સમીરી કામદા દેવી સમસ્ત વાયડા જ્ઞાતિનું કલ્યાણ કરે એ જ નમ્ર પ્રાર્થના.

– ભરત એચ. ગાંધી

પાટણ – વડોદરા, મો. ૯૪૨૭૮ ૩૭૬૮૩

## શ્રી વાયુદેવતા મંદિર બાજવાડા – પ્રેરણારૂપ કાર્ય

વડોદરાનિવાસી શ્રી સચીનભાઈ સુરેશચંદ્ર શ્રોફ દ્વારા કુળવેદતા શ્રી વાયુ દેવતાજીના સમગ્ર નિજમંદિર પરિસરના માર્બલને પોતાના સ્વખર્ચે સાફ કરાવી લગભગ રૂ. 25,000/- ના ખર્ચે મીરર પોલિશ કરાવી આપેલ છે.

વિશા વાયડા વણિક ટ્રસ્ટ તથા જ્ઞાતિ તેઓનો ખૂબ આભાર માને છે.

– શ્રી વાયુદેવતા મંદિર બાજવાડા

# વાયડ સંઘમાં રમત ગમત

ચૈત્ર સુદ પાંચમના દિવસે જ્ઞાતિજનોને પ્રસાદ લીધા બાદ સોનલ શરદભાઈ પરીખ, લીનાબેન કલ્પેશભાઈ પરીખ અને શરદભાઈ નવનીતલાલ પરીખ દ્વારા સમસ્ત જ્ઞાતિજનો માટે રમતો રમાડવામાં આવી હતી જુદી જુદી રમતોમાં નીચે મુજબના જ્ઞાતિજનો વિજેતા બન્યા હતાં.

વિજેતા બનેલા જ્ઞાતિજનોને દશા વાયડા પાટણ જ્ઞાતિના યુવક મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યાં હતાં.

**પાસિંગ ધ બોલ :** (૧) વીણાબેન કિરીટ ભાઈ શાહ (૨) દર્શન નૈલેષભાઈ પરીખ (૩) લીનાબેન કલ્પેશભાઈ પરીખ **મ્યુઝીકલ ચેર :** (૧) બીનાબેન તુષારભાઈ શાહ (૨) ધર્મિષ્ઠાબેન મહેન્દ્રભાઈ (૩ ) કાશ્મીરાબેન અમરીશભાઈ પરીખ **પત્તા ની ગેમ :** (૧) ધર્મિષ્ઠાબેન મહેન્દ્રભાઈ (૨) વીણાબેન કિરીટભાઈ શાહ (૩) તોરલબેન ચેતનભાઇ પરીખ **ડોલમાં બોલ – બાળકો :** (૧) તીર્થ રશ્મિકાંત શાહ (૨) દર્શન નૈલેષભાઈ પરીખ **ડોલમાં બોલ – બહેનો :** (૧) સોનલ શરદભાઈ પરીખ (૨) કિંજલ કિરીટકુમાર પરીખ (૩) ફાલ્ગુની ધીરેનભાઈ પરીખ (૪) હેમાક્ષીબેન શરદભાઈ પરીખ (૫) ખુશ્બુબેન કિંજલભાઈ શાહ **ડોલમાં બોલ –ભાઈઓ :** (૧) નૈલેષભાઈ રણછોડલાલ પરીખ (૨) કિંજલ કિરીટકુમાર શાહ **લોટા ટાંક – બાળકો :** (૧) વિહાન કેયુર પરીખ (૨) શ્લોક કેયુર શાહ **લોટા ટાંક – બહેનો :** (૧) કાશ્મીરાબેન અમરીશભાઈ પરીખ (૨) હેમાક્ષી બેન શરદભાઈ પરીખ (૩) મિતવા તુષારભાઈ શાહ (૪) મનીષા દિગીશ ભાઈ પરીખ (૫) અંજુબેન દીપકભાઈ પરીખ (૬) લીનાબેન કલ્પેશભાઈ પરીખ (૭) પૂજાબેન કેયુર ભાઈ શાહ **લોટા ટાંક – ભાઈઓ :** (૧) રશ્મિભાઈ નવનીતભાઈ શાહ (૨) દિલીપભાઈ કૃષ્ણકાંત શાહ (૩) કેયુર કિરીટભાઈ શાહ (૪) રાજેશભાઈ બચુભાઈ શાહ

સ્વર્ગસ્થ સુમિત્રાબેન પુરષોત્તમદાસ શાહ ની સ્મૃતિમાં લજ્જા શૈલેષ શાહ તરફથી **ઠાસ**ની રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ઇનામો લજ્જાબેન શૈલેષભાઈ શાહ તરફથી આપવામાં આવ્યા હતાં. ધર્મિષ્ઠા બેન મહેન્દ્રભાઈ ૭૫૦, ફાલ્ગુનીબેન ધીરેનભાઈ ૫૦૦, સ્મૃતિબેન રાજેન્દ્રભાઈ ૨૫૦.

**આશ્વાસન ઇનામ** – સોનલબેન જયપ્રકાશભાઈ ૧૦૦, તેજલબેન બકુલભાઈ ૧૦૦, બીનાબેન તુષારભાઈ ૧૦૦

**– સોનલ શરદભાઈ પરીખ**

# શ્રધ્ધાંજલિ



## સ્વ. શ્રી ઉદયભાઈ મુળજીભાઈ શાહ

જન્મ તા.: ૦૫-૦૧-૧૯૫૫

સ્વર્ગવાસ તા.: ૧૬-૦૪-૨૦૨૨

સ્વ. ઉદયભાઈ મૂળજીભાઈ શાહે ઘણા વર્ષો સુધી વાયડામિત્રના વ્યવસ્થાપક તરીકે સેવાઓ આપી હતી. તેમના પિતાશ્રી તથા બહેને પણ વાયડામિત્રમાં તંત્રી તરીકેની સેવાઓ આપી હતી.

તેમની નાદુરસ્ત તબિયતના કારણે ૨૦૧૪માં તેઓ વ્યવસ્થાપકપદેથી નિવૃત્ત થયા હતાં.

તેઓ પ્રેમાળ સ્વાભાવના હતા. તેઓ માતાજીમાં ભારે શ્રધ્ધા ધરવતાં હતા. વાયડ તેમ જ જ્ઞાતિના અન્ય કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વકનો રસ લેતાં હતા અને પોતાની જવાબદારીઓ નિષ્ઠાથી પાર પાડતાં હતાં.

પ્રભુ તેમના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ તથા શ્રી ઉદયભાઈને પોતાના ચરણોમાં સ્થાન આપે તે જ પ્રાર્થના.

**વાયડામિત્ર પરિવાર તથા વાયડા વણિક સેવા ટ્રસ્ટની તેમને ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ.**

# 'યમુનાવાડી'ની પુસ્તિકાનું પ્રકાશન

સને 2014 માં પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ અને ઉત્કર્ષ મંડળ દ્વારા નવીન બનાવેલી "યમુનાવાડી"નું ઉદ્‌ઘાટન થયું હતું. આ માટે જ્ઞાતિજનો તરફથી લગભ 1 કરોડ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું હતું. સૌથી મોટું દાન સ્વ. શાંતિલાલ મોહનલાલ તથા પરિવાર તરફથી થયું હતું. તેથી સ્વ. શાંતિલાલ મોહનલાલ પરીખ તથા ઇંદિરાબેન શાંતિલાલ પરીખનું નામ 'યમુનાવાડી' સાથે જોડ્યું હતું. જુદાં જુદા વિભાગો માટે જે દાન મળ્યા હતા તેમના નામ પણ જે તે વિભાગ સાથે જોડ્યા હતાં. આ અંગે સરસ કાર્યક્રમ યોજવામાં આવેલો. તેમાં દેશ-પરદેશથી જ્ઞાતિજનો હાજર રહેલાં. પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિના સભ્યો ઉપરાંત પાટણ વિશા વાયડા વણિક જ્ઞાતિના સભ્યો તેમ જ અમદાવાદ-વડોદરા-મુંબઈ વિ. સ્થળોએથી જ્ઞાતિબંધુઓ હાજર રહ્યાં હતાં. તે વખતનાં જ્ઞાતિના પ્રમુખ સ્વ. શ્રી ચીનુભાઈ શાહ તથા વાયડ સંસ્થાના પ્રમુખની રમેન્દ્રભાઈ જે. પરીખ પણ હાજર રહ્યાં હતાં. પૂ. ભાનુ વિજયજી મહારાજે આશીર્વચન પાઠવ્યાં હતાં.

આ બધા સ્મરણોને ઉજાગર કરતી પુસ્તિકાનું પ્રકાશન કરવાનું તે વખતે જાહેર થયું હતું. પરંતુ સંજોગોવસાત્ તે પ્રકાશન થઈ શકેલું નહીં. હવે બધી માહિતી એકઠી કરી સરસ મઝાનું મલ્ટી કલર પ્રકાશન કરવાનું નક્કી કર્યું છે.

આ પુસ્તિકામાં ઉદ્‌ઘાટન સમારંભનો અહેવાલ, 'યમુનાવાડી' માટે મળેલ તમામ દાનની વિગત, 'યમુના વાડી'માં લગાવેલ તમામ તૈલચિત્રો, રંગીન ફોટોગ્રાફ્સ, પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિના તમામ લ્હેણદારોની યાદી, 'યમુનાવાડી'ના અત્યારસુધીના વપરાશની વિગત, તેનાં ભવિષ્યનાં વિકાસની યોજના વિગેરે બાબતો ઉપરાંત વાયડ વિશે, પાટણની જ્ઞાતિ વિશે અને 'યમુનાવાડી' વિશે વિસ્તૃત માહિતી સમાવિષ્ટ કરી છે. તેથી આ પુસ્તક કાયમ માટે સાચવવાનું ગમે તેવું બનશે.

આ પુસ્તક જૂન માસમાં તૈયાર થશે. ત્યાર બાદ અનુકૂળતાએ સમારંભ ગોઠવી સમગ્ર જ્ઞાતિબંધુઓને પાટણ આવવા આમંત્રણ પાઠવીશું અને એક યાદગાર સમારંભનું આયોજન કરીશું. કાર્યક્રમની વિગતોની જાણ કરીશું.

આ પુસ્તિકાના પ્રકાશન માટે અને સમારંભ માટે આર્થિક સહાય કરવા વિનંતી કરવામાં આવે છે. પુસ્તકમાં શુભેચ્છા અથવા જાહેરખબર માટે એક પેજના રૂ. 5000/- અને અર્ધા પેજના રૂ. 2500/- રાખેલ છે. તમારી શુભેચ્છા કે જાહેર ખબરનું લખાણ વોટ્સએપ દ્વારા મારી નીચે જણાવેલ ટેલિફોન નંબર પર મોકલી આપવા મહેરબાની કરશો. તમારી રકમનો ચેક "પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ" એ નામનો મોકલવા વિનંતી છે. તમે બેન્ક ઓફ ઈન્ડિયા પાટણ બ્રાંચમાં એકાઉન્ટ નં. 220210100009060મા પણ રકમ જમા કરાવી શકશો તે બાબતની જાણ કરવા વિનંતી છે.

સર્વેના સહકારની અપેક્ષા છે.

**– શરદભાઈ પી. શાહ**

**ચેરમેન 'યમુનાવાડી', 5-6, અણમોલ વિલા–2 , રામોસણા રોડ,**

**મહેસાણા–384001 મો. નં. 94297 36365**

**લગ્નવિષયક**

મુંબઈસ્થિત દશા વાયડા જ્ઞાતિની યુવતી ઉ. વ. 29, M.Com અને Company Secretary નો કોર્સ કરેલ છે. હાલમાં મુંબઈમાં જોબ કરે છે.

યુવતી Bio Data

જન્મ તારીખ : 13-1-1993

જન્મ સ્થળ : ઘાટકોપર, મુંબઈ

જન્મ સમય : સવારે 3-00 વાગે (3 am)

ઉંચાઈ : 5' - 3" વજન 60 kg

યોગ્ય યુવકના વાલીઓ તરફથી પત્ર વ્યવહાર/બાયોડેટા આવકાર્ય છે.

**E-mail :** rajendrashah6057@gmail.com.

**Mobile :** Geetaben Shah 93700 85878

Truptiben Shah 93708 20987

## દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ – જાહેરાત

સ્વ. દેવીબેન પરીખ તથા સ્વ. ગોકળદાસ કાંતિલાલ પરીખની પુણ્યસ્મૃતિમાં "દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ", અમદાવાદ તરફથી જાહેર કરવામાં આવે છે કે, જ્ઞાતિના જરૂરિયાતમંદ વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને પ્રતિ વર્ષ ઉચ્ચ શિક્ષણ (Higher Education) (ધોરણ 10 પાસ પછીથી) માટે તેમ જ જરૂરિયાતમંદ જ્ઞાતિજનને મેડિકલ સહાય મંજૂર કરવામાં આવશે. તે માટે તેઓ વર્ષ દરમિયાન ગમે ત્યારે એક વખત જ અરજી કરી શકશે. જેઓને આ સહાયની જરૂર જણાય ત્યારે તેઓ વિના સંકોચે અરજી કરી શકશે. ટ્રસ્ટ યોગ્યતાને આધારે અરજી મંજૂર કરશે. આ યોજના મુજબ કોઈ પણ એક વ્યક્તિ / કુટુંબ (વિદ્યાર્થી અને મેડીકલ સહાય બન્ને)ને આવેલ અરજીઓને વાંચીને, નિર્ણય કરીને યોગ્ય રકમ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે. જો કોઈ વ્યક્તિની બિમારી લાંબો સમય ચાલે તેવી હોય તો તેવી વ્યક્તિ ફરી આવી અરજી પછીના વર્ષે પણ કરી શકે છે. રાહત માટે બીજી કોઈ સંસ્થામાં અરજી કરી હોય તો તેની વિગત આપવી. તા. 1-4-2022 થી 31-3-2023 સુધીની બીલ/રીસીપ્ટની ઝેરોક્ષ નકલ તા. 5-4-2023 સુધીમાં જ મોકલવાની રહેશે. નામંજૂર અરજીઓની ઝેરોક્ષ નકલ પાછી મોકલવામાં આવશે નહીં અને તેના નિર્ણયની વિગત પણ આપવામાં આવશે નહીં. અરજીની વિગતો તથા તે અંગેનો પત્રવ્યવહાર ગુપ્ત રાખવામાં આવશે. અરજદારે અરજીમાં જે તે ગામ/શહેરના જ્ઞાતિના પ્રતિષ્ઠિત વ્યક્તિની સહી તેમ જ તેમનું સરનામું, ફોન નંબર જણાવીને અરજી મોકલવાની રહેશે.

નોંધ : અરજદારે આપેલા ફોર્મેટ મુજબ અરજી કરવાની રહેશે.

**અરજી મોકલવાનું સરનામું :** ઉષાબેન સનતકુમાર પરીખ, C/o દેવીબેન ગોકળદાસ ફાઉન્ડેશન ટ્રસ્ટ, 702, નીલદીપ ટાવર, નવરંગ ચાર રસ્તા, નિરવ કોમ્પલેક્ષની બાજુમાં, નારણપુરા, અમદાવાદ–380 014.

**અરજીનો નમૂનો :**

1) અરજદારનું પુરું નામ – અટક સહિત 2) અરજદારનું મૂળ વતન
3) મેડિકલ સહાય/અભ્યાસ માટે 4) હાલમાં અભ્યાસ કરતા હોય તેની માહિતી
5) બીલ/રીસીપ્ટની વિગત કુલ રકમ સાથે જરુરી છે. 6)અરજદારનો ઘરનો તથા મોબાઈલ નંબર 7) સાક્ષીની સહી, નામ, પૂરું સરનામું, ફોન નંબર સહિત 8)તારીખ 9) અરજદારની સહી

– ઉષાબેન સનતકુમાર પરીખ, ટ્રસ્ટી

# જ્ઞાતિ સમાચાર

## પરીક્ષા પાસ

વડોદરા : મૂળ પાટણના હાલ વડોદરા રહેતા પરાગ મહેશભાઈ પરીખ તથા અ.સૌ. શ્રેણી પરાગ પરીખની સુપુત્રી ચિ. હેલી, M.B.B.S. ફર્સ્ટક્લાસ

## લગ્ન

ભૂજ : શાહ પ્રફુલ નારણદાસની સુપુત્રી ચિ. નિશાનાં લગ્ન સ્વ. શાહ પ્રફુલભાઈ ઠાકરશીના સુપુત્ર ચિ. રોનક સાથે તા. 20-1-2022 ના રોજ. આ પ્રસંગે શાહ પ્રફુલ નારણદાસ તરફથી રૂ. 501/- તથા શાહ પ્રફુલભાઈ ઠાકરશીના પરિવાર તરફથી રૂ. 501/- ભેટ વાયડામિત્રને મળેલ છે.

ભૂજ : શ્રી હસમુખ નાનાલાલ શાહ અને રેખા હસમુખ શાહની સુપુત્રી ચિ. કિંજલના શુભલગ્ન ચિ. પ્રિયાંક રાઠોડ સાથે તા. 22-3-2022

## અવસાન

ભૂજ : કિશોરભાઈ પુરુષોત્તમદાસ શાહ, ઉ. વર્ષ 73, તા. 30-3-2022

અમદાવાદ : હસમુખલાલ ચંદુલાલ પરીખ, ઉ. વર્ષ 94, તા 14-4-2022

થાણે મુંબઈ : સ્વ. બાલકૃષ્ણભાઈ અને બિંદુબેન પરીખની સુપુત્રી રાજશ્રી કેયુર દવે, ઉ. વર્ષ 46, તા. 8-4-2022

અમદાવાદ : ઉદયભાઈ મૂળજીભાઈ શાહ(ભૂતપુર્વ વ્યવસ્થાપક, વાયડામિત્ર), ઉ. વર્ષ 67, તા. 16-4-2022

એપ્રિલ 18, 2022 થી એપ્રિલ 24, 2022 ચૈત્ર માસ દરમિયાન અમદાવાદમાં પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીના શ્રીમુખે શ્રીમદ્‌ભાગવત સપ્તાહનું પારાયણ થયું હતું. મનોરથી તરીકે આપણી જ્ઞાતિના શ્રી જયશ્રીબહેન ધીરેનભાઈ પરીખ પરિવારે સુંદર આયોજન કર્યું હતું. 'અનેક જન્મોનાં પુણ્યો ભેગા થાય ત્યારે ભાગવત કથા કહેવાનો, કરાવવાનો અને સાંભળવાનો લાભ મળે છે.' – આ શબ્દો છે પ. પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રી(કડી અમદાવાદ)ના. આપણા જ્ઞાતિજનોએ તથા વૈષ્ણવોએ આ પ્રસંગે ભાગવત કથાનો રસાસ્વાદ માણ્યો હતો.

– તંત્રી



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Registered under Postal Registration No. MEH-296/2022-2024 valid up to 31st December-2024 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month.
પ્રકાશન ૧૦/૫/૨૦૨૨



ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર
તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ
મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫

**PRINTED BOOK**

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH